Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

सेव्यः सदा सद्गुरु कल्पवृक्षः

जैनो संघश्चतुर्धा भवतु विविधसद्ज्ञानसंपद्विलासी
श्रेयः सामाजिकं यद्विलसतु सततं तत्र पूर्णप्रभावि ।
भक्ति श्रीमद्गुरूणां प्रसरतु हृदये भावपूर्णप्रकाशा
'आत्मानन्द प्रकाश' ह्यभिलषति सदा मासिकं चेतसीति ॥१॥

पु. १६. { वीर सं. २४४५–ज्येष्ठ. आत्म सं. २३ } अंक ११ मो.

प्रकाशक–श्री जैन आत्मानन्द सभा–भावनगर.

## વિષયાનુક્રમણિકા.


| | | |
|---|---|---|
| ૧ | શ્રી તિર્થંકર સ્તુતિ. ... | ... ૨૬૭ |
| ૨ | કેટલાક પ્રાસ્તાવિક શ્લોકો | ... ૨૬૮ |
| ૩ | બંધુઓ બ્હેનોને હિતના બે બોલ. | ૨૭૦ |
| ૪ | વ્યક્તિગત આકર્ષણ શક્તિ. | ... ૨૭૩ |
| ૫ | સુખી જીવન ગુજારવાના કારણો. ... | ૨૭૭ |
| ૬ | જૈન સાહિત્યનો પ્રચાર કેમ કરવો જોઇએ ? ... ... | ... ૨૮૬ |
| ૭ | બોધક સૂત્રો. ... | ... ૨૮૯ |
| ૮ | પં૦ બેચરદાસને પ્રશ્નો ... | ... ૨૯૨ |
| ૯ | વર્તમાન સમાચાર ... | ... ૨૯૩ |


REGISTERED No. B. 431

To

વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અમારા માનવંતા ગ્રાહકોને સુચના.

# " શ્રી જ્ઞાનામૃત કાવ્યકુંજ. "

શ્રી આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને માટે આ વર્ષની ભેટની બુકનો નિર્ણય થઇ ગયો છે. માસિકનું આ સોળમું વર્ષ ચાલે છે તેને માત્ર બે માસ બાકી છે. આ વર્ષે ઉપરોક્ત નામનું પુસ્તક અમારા માનવંતા ગ્રાહકોને ભેટ આપવા માટે મુકરર થયું છે. દરવર્ષ કરતાં આ વર્ષની ભેટની બુક જેમ એક અપૂર્વ અધ્યાત્મજ્ઞાનની છે તેમ દરવર્ષ કરતાં વધારે મોટી થશે, જેની સવિસ્તર હકીકત હવે પછીના અંકમાં આપવામાં આવશે

---

### શ્રીમાન્ ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજ કૃત

## શ્રી અધ્યાત્મ મતપરિક્ષા ગ્રંથ.

( મૂળ સાથે ભાષાંતર )

સતરમા સૈકામાં કે જ્યારે જૈન દર્શનની અંદર પડેલ ભિન્ન ભિન્ન શાખામાં ધર્મ સંબંધી અનેક વિવાદો ચાલતા હતા, તે દરમ્યાન બાળ જીવોને સત્ય શું ? અને શુદ્ધ તત્વો શેમાં છે ? તે શોધવાની મુશ્કેલી જણાતાં તેવા જીવોનો ઉપકાર કરવા નિમિતે જ આ અધ્યાત્મિક ગ્રંથની ઉક્ત મહાત્માએ રચના કરી છે. શુદ્ધ તત્વના સ્વીકારને જ આપ્ત પુરૂષો અધ્યાત્મ કહે છે, જેથી તેની પરિક્ષા કરીને તે ગ્રહણ કરવું જોઇએ તેજ આ ગ્રંથમાં બતાવવામાં આવેલું છે. ગ્રંથની શરૂઆતમાં અધ્યાત્મ કોને કહેવું તેની વ્યાખ્યા સાથે નામ--સ્થાપના-દ્રવ્ય અને ભાવ; એ ચારમાં મોક્ષના કારણ એવા ભાવઅધ્યાત્મ વિષે વિવેચન કરી તેની અંદર જ્ઞાન, દર્શન અને ચારિત્રની ઉચ્ચ ઘટના કેવી રીતે થઇ શકે, તે માટે મહાત્મા ગ્રંથકાર મહારાજે યુક્તિપૂર્વક બતાવ્યું છે; તે સાથે અધ્યાત્મની સિદ્ધિ ક્યારે થઇ શકે તેને અંગે શંકા સમાધાન પૂર્વક અન્ય ગ્રંથોના પ્રમાણ આપી પુરવાર કરી બતાવ્યું છે. ત્યારબાદ જેમના મતનો વિચાર કર્ત્તવ્ય છે તેવા નામ-અધ્યાત્મી કે જે શુદ્ધ અધ્યાત્મથી તેમની હકીકત કેવળ જુદી અને વિરોધી છે અને શુદ્ધ ભાવઅધ્યાત્મ જ મોક્ષનું કારણ છે, તેનું સ્ફુટ વિવેચન ગ્રંથકર્તા શ્રીમાને અસરકારક રીતે બતાવ્યું છે. અધ્યાત્મના ખપી અને રસીકને આ અપૂર્વ ગ્રંથ ખાસ પઠન પાઠન કરવા જેવો છે. કિંમત રૂ. ૦-૮-૦ પોસ્ટેજ જુદું. અમારી પાસેથી મળશે.

---

## શ્રી આત્મ-કાન્તિ પ્રકાશ.

જેમાં ન્યાયાંભોનિધિ શ્રીમદ્ વિજયાનંદસૂરિ કૃત બાર ભાવના અનેક તીર્થોના વિવિધ, સ્તવનો, સ્તુતિઓ, અને સજ્ઝાયોનો સંગ્રહ તથા વિવિધ બીજા સ્તવન મધુર રાગરાગણીથી બનાવેલ પ્રવર્તકજી મહારાજશ્રી કાન્તિવિજયજી મહારાજ, તથા શ્રીમાન્ મુનિરાજ વલ્લભવિજયજી કૃતનો સંગ્રહ આ ગ્રંથમાં છે. સાથે નવીન સુંદર શ્રી પંચતીર્થની પૂજા શ્રીમાન્ વલ્લભવિજયજી મહારાજ કૃત પણ દાખલ કરવામાં આવેલ છે, તમામ પદો, સ્તવનોની રચના આલ્હાદ ઉત્પન્ન કરે તેમજ પ્રભુ ભક્તિમાં પ્રેમ ઉપજાવે તેવી છે. નિર્ણયસાગર પ્રેસમાં, શાસ્ત્રી ટાઇપમાં ઉંચા કાગળ ઉપર છપાવી અને કપડાની સુશોભીત બાઇડીંગથી ગ્રંથને અલંકૃત કરવામાં આવેલ છે. ગ્રંથના પ્રમાણમાં કિંમત ઘણી ઓછી. રૂા. ૦-૪-૦ માત્ર રાખી છે. પોસ્ટેજ જુદું. અમારે ત્યાંથી મળી શકશે.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

इहहि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-पीडितेन तदपनयनाय हेयोपादेय-पदार्थ परिज्ञानेयत्नो विधेयः॥

पुस्तक १६ ] वीर संवत् २४४५, ज्येष्ठ. आत्म संवत् २३. [ अंक ११ मो.

## श्री तीर्थंकर स्तुति.

( શાર્દુલવિક્રીડિત. )

જેનાં જ્ઞાનતણો કદિ જગતમાં કો' પાર પામે નહિ,
જેનું સર્વ સ્વરૂપ શુદ્ધિ ભરિયું જેણે હણ્યો મોહને;
ઇંદ્રો દેવ મનુષ્ય જે પ્રભુ તણી ભાવેથી ભક્તિ કરે,
તે તીર્થેશ અનંત શક્તિ ધરતા નિત્યે નમું સ્નેહથી.

વિ૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# કેટલાક પ્રાસ્તાવિક શ્લોકો.

## પદ્યાત્મક ભાષાંતર સહિત.

લે૦ રા. રા. કુબેરલાલ અંબાશંકર ત્રિવેદી. ( ભાવનગર ).

( ગતાંક પૃષ્ઠ ૨૭૯ થી ચાલુ. )

व्रजन्ति ते मूढधियः पराभवं भवन्ति मायाविषु ये न मायिनः ।
प्रविश्य निघ्नन्ति शठास्तथाविधा असंवृतांगं निशिता इवेषवः ॥

( લલિત છંદ )

કપટિ સાથ જે કપ્ટિ ના થતા, મુરખ તે નરો નાશ પામતા;
બખતરો વિના વીરને રણે, નિશિત બાણની જેમ એ હણે.

यथा खरश्चंदनभारवाही भारस्य वेत्ता न तु चंदनस्य ।
एवं हि शास्त्राणि बहून्यधीत्य चार्थेषु मूढाः खरवद्वहन्ति ॥

( વસંત તિલકા )

વ્હેતા ખરો સતત ચંદનકાષ્ટભાર,
જાણે જ ભાર, નહિ ચંદનને લગાર;
એવી રીતે મનુજ શાસ્ત્ર ભણી અનેક,
જાણે ન અર્થ કહીં જો ખરતુલ્ય છેક.

लालयेत्पंचवर्षाणि दशवर्षाणि ताडयेत् ।
प्राप्ते तु षोडशे वर्षे पुत्रं मित्रवदाचरेत् ॥

( દોહરા )

પાંચ વર્ષ સુધી બહુ, લાડ લડાવો સુત;
દશ વર્ષો તાડન કરો, નહિતો થશે કપૂત,
સોળ વર્ષનો થાય તે, જ્યારે પૂર્ણ યુવાન;
ત્યારે તે નિજ પુત્રને, માનો મિત્ર સમાન.

पुनर्वित्तं पुनर्मित्रं पुनर्भार्या पुनर्मही ।
एतत्सर्वं पुनर्लभ्यं न शरीरं पुनः पुनः ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( દ્રુતવિલંબિત )

પ્રિય સખા સુત સ્ત્રી ધન ને ધરા,
જગતમાં ફરીથી મળશે ખરા;
ફરી ફરી પણ આ તન તો નકી,
નહિ મળે બહુ યત્ન કર્યા થકી.

वित्तं च भूमौ पशवश्च गोष्ठे
भार्या गृहद्वारे जनाः श्मशाने ।
देहश्चितायां परलोकमार्गे
कर्मानुगो गच्छति जीव एकः ॥

( રુચિરા )

ધન રે'શે દાટયું જ ધરામાં રે'શે ઢોર ગમાણે રે,
નારી નિજની દ્વાર સુધી ને અન્ય સગાં સમશાને રે;
દેહ અતિ સુંદર આ તે તો ભસ્મ ચિતામાં થાશે રે,
કર્મ એક પરલોક માર્ગમાં જીવની સંગે જાશે રે.

यच्चिन्तितं तदपि दूरतरं प्रयाति
यच्चेतसापि न कृतं तदिहाभ्युपैति ।
प्रातर्भवामि वसुधाधिपचक्रवर्ती
सोऽहं व्रजामि विपिने यतिकस्तपस्वी ॥

( શાર્દુલ )

જેનું ચિંતન હોય રોજ ચિત્તમાં તે દૂર જાતું રહે,
જેનો સ્વપ્નવિષે વિચાર પણ ના તે આવી ઉભું રહે;
જે હું કાલ સવારમાં અવનિનો રાજા થવાનો છઉં,
તે આ હું યતિ વેશમાં વનવિષે જોગી થઇને જઉં.

शान्तितुल्यं तपो नास्ति न संतोषात्परं सुखम् ।
न तृष्णायाः परो व्याधिर्न च धर्मो दयापरः ॥

( વસંત તિલકા )

શાન્તિ સમાન તપ આ જગમાં ન દેખું,
સંતોષથી અધિક સુખ ન અન્ય લેખું;

For Private And Personal Use Only

તૃષ્ણા સમો અવર વ્યાધિ ન દુઃખદાયી,
સદ્ધર્મ અન્ય ન દયા સરખો કોઈ ભાઈ !
अधिकारपदं प्राप्य नोपकारं करोति यः ।
अकारं निर्गतं तस्य धिक्कारं स समाप्नुयात् ॥
( દોહરો )
અધિકાર પદ પામીને, ન કરે જે ઉપકાર;
"અ"કાર તેનો દુર થઈ, પામે તે ધિક્કાર.

ચાલુ—

## કચ્છી, કાઠીયાવાડી અને ગુજરાતી બંધુઓ અને બ્હેનોને હિતનાં બે બોલ.

વ્હાલા બંધુઓ અને બ્હેનો ! સખેદ કહેવું પડે છે કે આપ ણામાં ખાન પાન સંબંધી તથા ભોગોપભોગ સંબંધી કૃત્રિમતા વધી ગઈ છે અને સ્વાભાવિકતા ઘટી ગઈ છે. તેમજ ન્યાયબુદ્ધિથી વિચારી સત્ય માર્ગને અનુસરી ચાલવાનું કમી થઈ ગયું છે અને ગતાનુગતિકતા વધી પડી છે. આનું પરિણામ એ આવ્યું છે કે સમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્ર રૂપ મોક્ષ માર્ગની ચાવી જેવું માર્ગાનુસારી. પણું પણ આપણે ગુમાવી દીધું છે, તથા મદ, વિષય, કષાય, નિદ્રા ( આલસ્ય ), વિકથા, અજ્ઞાન અને મિથ્યાત્વ રૂપ પ્રમાદ યા સ્વચ્છંદતા વાળો માર્ગ, કહો કે ઉન્માર્ગ, આપણે જાણી જોઈને આદરી લીધો છે. જેનાં માઠાં ફળ આપણે ચાખીએ છીએ અને જો હજી સંભાળ લેવી શકાશે નહિ તો વધારે માઠાં ફળ ચાખવાં પડશે આ બાબત વધારે સ્પષ્ટ થાય તેમ વિચારીએ.

ધારો કે કોઈ જ્ઞાતિભોજન કે સ્વામી વાત્સલ્ય પ્રસંગે તમોને ઘેબરાદિક પીરસવામાં આવ્યા હોય અને તે ઘેબરાદિક રખે ખુટી પડે એવા ભયથી થોડા થોડા ઘેબર વધારાના જુદા ભાજનમાં પાસે લઈ રાખ્યાં હોય તેમાં દૈવયોગે દાળ કઢીનાં છાંટા ઉડવાથી તે ખરડાયા હોય અને તેમાંથી ગયી જવા પામેલા ઘેબર એકઠા કરી બાકી રહેલા શખ્સોને પીરસવામાં આવ્યા હોય તો તે દાળ કઢીના છાંટાથી ખરડાયેલા ઘેબર જાણી જોઈને ખાવા પસંદ કરશો શું ? નહિ કરે. એટલુંજ નહિ પણ રીસ ચઢાવી તે ઘેબરનું ભોજન તરછોડીને ત્યાંથી ઉઠી ચાલી નીકળશો. આ રીતે ફક્ત ઉપરના દેખાવ માત્રથી એઠા કરેલા જણાતા ઘેબરનો તો અનાદર કરવામાં આવે છે અને પીવા માટે રાખેલા પાણીના ગોળા કે માટલામાંથી જેટલીવાર જરૂર પડે તેટલીવાર મોઢે માંડેલા એઠા પાણીના લોટા કે પ્યાલા જેવાં વાસણો

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બોળી બોળી પીવાનું પાણી લેતાં પોતપોતાના મોઢાની લાળવડે તે બધા પાણીને મિશ્રિત ( એઠું ) કરી ઢોરના હવાડા જેવું કરી દેવામાં આવે છે, તેમ છતાં તેનો કશો શોચ રાખ્યા વગર એક બીજાની લાળવાળું એ પાણી છૂટથી પીવામાં કે બીજાને પાવામાં આવે છે. આથી કેટલું બધું નુકશાન થવા પામે છે તેનો ખ્યાલ કરવો જોઇએ. પીવાનાં પાણીમાં એક બીજાની લાળ જેવી અશુચિ વસ્તુ ભળવાથી તેમાં અસંખ્ય સંમૂર્છિમ જીવ વારંવાર ઉપજે છે અને મરે છે, તેવું એઠું પાણી પેટમાં જવાથી વિક્રિયા કરે છે. સિવાય તાવ, ઉધરસ, કે ક્ષય જેવા રોગવાળાં માણસોની લાળવાળું પાણી પેટમાં નાખવાથી ગમે તેને તે તે ચેપી રોગો લાગુ પડે છે, જેમાંથી મુક્ત થવા માટે મોટી મુશ્કેલી ઉભી થાય છે. થોડા વખત ઉપરજ ઇન્ફલ્યુએન્ઝા નામના તાવની બિમારીમાં સપડાઇ ગયેલા બેસુમાર માણસોમાંનો મોટો ભાગ ઉપર જણાવેલા દોષને જ આભારી લેખી શકાય. તેમ છતાં મુગ્ધ જનો પોતાનું આરોગ્ય સાચવવા માટે કેટલી બધી બેદરકારી રાખે છે તે આપણે તેમના નિત્યના પરિચયથી જાણી શકીએ છીએ. આંખો મીંચીને બે ઘડી વિચાર કરી જોતાં એ વાતમાં સત્યતા લાગે તો હવે પછી એ દુષ્ટ કુટેવ દૂર કરી દેવા જલ્દી મન ઉપર લેવું જોઇએ. તેમજ લાગતાવળગતા સહુ ભાઇ બ્હેનો અને કુટુંબ કબીલાનું પણ તે તરફ પુરતું લક્ષ ખેંચવું જોઇએ. વળી હજી સુધી એવુંજ એઠું ભ્રષ્ટ જળ રસોઇ કરવામાં વપરાય છે અને તે રસોઇ સંત સાધુ જનોને પણ લાભ સમજી વહોરાવવામાં આવે છે તે પણ ખાસ વિચારવા જેવું છે. વળી રસોઇ કરતાં અશુદ્ધ વસ્ત્રાદિક પહેરી રાખવામાં આવે, નાકના મળાદિકથી હાથને ખરડી તેવા હાથવતી રસોઇ કરવામાં આવે અને તેવી રસોઇ સાધુજનોને વહોરાવવામાં આવે, તેમજ દેવ પાસે નૈવેદ્ય વગેરે ધરવામાં આવે તો તે ખરેખર આચાર વિરૂદ્ધ જ લેખાય. એ વાત રસોઇ કરનારા બેનોને સારી રીતે સમજાવી તેમને બરાબર આચાર પાળવા સાવધાન કરવા જોઇએ. બોબડી અથવા અંતરાય આવે તેવે વખતે પણ કંઇક સમજ વગરનાં બેનો ઘરનાં કંઇ પણ કામકાજ કરતાં હોય તો તે પણ આચાર વિરૂદ્ધ લેખી સાવધાનતા રાખવી જોઇએ. પારસી લોકો આવે પ્રસંગે કેટલી બધી કાળજીથી ચોખ્ખાઇ રાખવા-રખાવવા પ્રયત્ન કરે છે અને એ લોકો પોતાનો તે વખત હુન્નર ઉદ્યોગમાં ગાળી પૈસે ટકે કેવા સુખી દીસે છે તે વાત પણ સારી રીતે પોતે સમજીને આપણા મુગ્ધ ભાઇ બ્હેનોને સમજાવવાની જરૂર નથી શું ? આપણામાંના ઘણા મુગ્ધ ભાઇ બ્હેનો પોતાનાં કુમળી વયનાં નાનાં બાળકોનાં અને બાળિકાઓનાં વેળાસર વેવિશાળ તથા લગ્ન કરી દઇ લ્હાવો લીધો સમજે છે, તેમાં કઇક વખત કજોડાં થાય છે, અને તેમાંના કોઇ કોઇને દૈવયોગે શરીરમાં ખોડ ખાપણ પેદા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાય છે તો તેથી એક બીજાને ઘણું શોષવું પડે છે અને ઘણે ભાગે જીંદગીપર્યંત એ કષ્ટ સહન કરવું પડે છે. જે કુમળી વયમાં ખાસ વિદ્યાભ્યાસવડે તે બાળકોને હીરા જેવા બનાવવાની માબાપોની ફરજ છે તેવે વખતે તે મુગ્ધ માબાપો પોતાનાં બાળકોને આવા ફાંસામાં નાખી દે એ કંઈ જેવો તેવો અન્યાય નથી; પણ મોહવશ થયેલાં એ મુગ્ધ માબાપોને કમનશીબે હજીસુધી તેમની આ મોટી ભૂલ સમજાતી નથી. શ્રીમંત અને બુદ્ધિવંત નાતજાતના તેમજ સંઘના આગેવાનો ધારે તો આમાં ઘણો સુધારો કરી ભારે મોટું પુન્ય હાંસલ કરી શકે ખરા. એ આગેવાન બંધુઓ અને બહેનોને સદબુદ્ધિ સૂઝે તો તેમનું આ મોટું દુઃખ દૂર થઇ શકે ખરૂં. વળી કેટલાએક મુગ્ધ માબાપો પોતાની વ્હાલી પુત્રીને લોભવશ થઇ કોઇ બુઢ્ઢા ધણીને સોંપી પરણાવી દે છે અને જીંદગી પર્યંત તે પુત્રીના શ્રાપથી તેઓ દુઃખી થઇ જાય છે. આવો દુષ્ટ લોભ તેમણે કરવો ન જોઇએ; કેમકે તેથી દુનીયામાં પોતાને ફીટકાર મળે છે, કન્યાને કાયમનું દુઃખ થાય છે અને કેટલીક વખત તો કમનશીબે તે કન્યા બુઢ્ઢા ધણીની હયાતીમાં તેમજ પાછળથી કામવશ થઇને લાજ શરમ તજી ન કરવાનાં કામ કરી ગર્ભાધાન ધારણ કરે છે. પછી અનેક રીતે ગર્ભપાત કરવાના રસ્તા શોધી ગર્ભપાત કરી તેના પાપથી ખરાબ ખરાબ થઇ જાય છે. પ્રભુ! તેમને સદ્‌બુદ્ધિ આપો! ઘેલો બુઢ્ઢો માણસ મરવા ભોં સુંઘતો હોય તોપણ પૈસાની ગરમીથી તેમજ લાંબી આશાથી આવી બાળ કન્યાનો હાથ ઝાલતાં કંઇ પણ શરમાતો નથી, પરંતુ તેના અપકૃત્યથી પુષ્કળ લોકનિંદા થાય છે અને અંતે તે ઝુરી ઝુરી અનેકવિધ યાતના સાથે મોટી પથારીમાં પોઢી જઇ પરલોક સિધાવે છે અને ત્યાં પૂર્વે કરેલાં અપકૃત્યોનાં માઠાં ફળ પરાધીનપણે સહ્યા કરે છે.

વિવાહ પ્રસંગે નાગાં-ફટાણાં ગાવાના દુષ્ટ રીવાજ સદંતર નાબુદ કરી નાંખવાની જરૂર છે. લાજ શરમ મૂકી નાગું નાગું ગાવાથી મુગ્ધ બૈરાંઓ મહા મોહનીય કર્મ બાંધે છે અને છતી શક્તિએ એ નાગો રીવાજ કાઢી નાખવામાં વિલંબ કરનારા પણ તેમાં સહાયક બનવાથી મોહનીય કર્મ બાંધે છે. મરણપ્રસંગે રોવા કુટવાનો બહુજ મોટો ચાલ ઘણા દિવસો સુધી લંબાતો ચાલે છે. હલકી ગણાતી કોમમાં એ ચાલ થોડાજ (ચાર) દિવસમાં પતાવી દેવામાં આવે છે, પણ આપણી ઉંચી કોમના મુગ્ધ બૈરાંઓ એ શોક સંતાપ સાચવવાનો રીવાજ લંબાવવામાં એક જાતનું માન સમજે છે, અને અન્યથા કરવામાં હીણપત માને છે. આવી ગેરસમજ ઘરના ભાણા માણસ જનોએ જરૂર અટકાવવી જોઇએ. મરણ પ્રસંગે નાતજાતના ભાઇ બહેનોએ દુઃખી જીવને શાન્તિ ઉપજે એવી રીતે વર્તવું જોઇએ. નહિ કે તેના દુઃખમાં ઉમેરો કરવો અને તેનાં લોહીનું પાણી થાય એટલી હદે તેને ત્રાસ ઉપ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાવવો. તેથી દીર્ઘદૃષ્ટિ વાપરી આ દુષ્ટ રીવાજનો જેમ બને તેમ વેલાસર અંત લાવવો. તેમાં પણ બૈરાંઓમાં છાતીઓ કુટવાનો, તે પણ ખુલ્લી છાતી મૂકીને કૂદી કૂદીને ( ઉંચા ઉછળી ઉછળી પછાડીઓ ખાઇ ) કુટવાનો રીવાજ તો સત્વર જેમ બને તેમ વેલાસર કાઢી નાંખવો જોઇએ. છાતીઓ કુટવાથી કેવું અનિષ્ટ પરિણામ આવે છે તે શાણા ભાઇ બહેનોથી સાવ અજાણ્યું નથી. ફક્ત હિંમત રાખીને પગ ઉપર કુહાડો લઇને બીજા અજ્ઞાન જીવોને સમજાવી ઠેકાણે લાવવાની જરૂર છે. એમાં મહેનત વધારે તેમ લાભ પણ વધારે થવા સંભવ છે. હિતનાં બે બોલ લખેલા નકામા નહિજ જાય એમ ઇચ્છી હાલ વિરમાય છે. ઇતિશમ્.

લે૦-મુનિમહારાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજ.

# વ્યક્તિગત આકર્ષણશક્તિ.

લે૦—વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ. બી. એ.

જીંદગીને ઉપયોગી અને આલ્હાદ બનાવવામાં આકર્ષક વ્યક્તિત્વ અત્યંત અગત્યનો ભાગ ભજવે છે. તેના વગર જગત્‌માં આપણી પ્રગતિ થવી અશક્ય છે. જે મહાન પુરૂષોના નામો ઇતિહાસમાં સુપ્રસિદ્ધ થયેલા છે, જેઓને શક્તિની પ્રાપ્તિ થયેલી છે, અથવા જેઓ સામાજીક, વ્યાપારિક વા રાજકીય ક્ષેત્રોમાં અગ્રેસર થયા છે તેઓ સર્વને આ આકર્ષણ શક્તિની સંપ્રાપ્તિ થયેલી હોય છે. તેઓ જન્મથી જ આ શક્તિથી સમન્વિત થયેલા હોય છે, અથવા તો તેઓએ આત્મ-વિકાસથી તેને કેળવી હોય છે. તેવી જ રીતે જેઓ જાતીય અભ્યુદયના અને આ જમાનાની સુધરેલી પરિસ્થિતિના મહાન કાર્યમાં લાગ લેવા ઇચ્છા ધરાવતા હોય તેઓએ આ અદ્‌ભુત શક્તિનો ક્રમશઃ વિકાસ કરવા તત્પર થવું જોઇએ; જેથી કરીને તેઓના યત્નો વધારે ફળપ્રદ નિવડે અને તેઓ તે યત્નોના મિષ્ટ ફળો વધારે સુપ્રફળતામાં ઉપલબ્ધ કરી શકે.

તેજસ્વી, આશાવાદી અને પ્રતિભાશાળી મનુષ્યો જે કંઇ કહે છે તેનું લોકો સંપૂર્ણ લક્ષપૂર્વક શ્રવણ કરે છે; જ્યારે ઉદાસ, દુઃખપીડિત અથવા વિચિત્ર માણસના બોલવાપર કોઇ જરાપણ લક્ષ આપતું નથી; કેમકે તેનામાં આકર્ષણશક્તિના અભાવના પરિણામે તેના શબ્દોમાં કોઇ જાતનું વજન હોતું નથી.

જીવનના અનેક કાર્યોમાં વ્યક્તિગત આકર્ષણશક્તિની અનિવાર્ય અગત્ય છે. જે લોકોને તે શક્તિ મેળવવાનું સુભાગ્ય પ્રાપ્ત થયું છે તેઓને તેનો અદ્વિતીય પ્રભાવ બુદ્ધિગત થયેલો છે. તેમજ આપણે અનુભવથી જાણી શકીએ છીએ કે ઘણી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખરી બાબતોમાં તો જે લોકો તે શક્તિથી સમન્વિત થયેલા હોય છે તેઓ પોતાના કાર્યો સરળતાથી સાધી શકે છે. અન્ય લોકો તેઓના વિચારોને સંપૂર્ણતઃ સંમત થાય છે, તેઓની ઈચ્છાનુસાર વર્તે છે અને તેઓના પ્રયત્નોમાં સહકારિ બને છે. આ ઉપરથી વાંચનારના મનમાં સ્વાભાવિક રીતે પ્રશ્ન ઉપસ્થિત થશે કે તે શક્તિ કેવી રીતે પ્રાપ્ત કરી શકાય ?

આ શક્તિની પ્રાપ્તિનો મુખ્ય આધાર **આરોગ્ય, ચારિત્ર્યબળ, પ્રેમ અને વિવેકશક્તિ પર છે.** આ ચાર ગુણોને કેળવવાથી એવી આકર્ષણશક્તિ ઉત્પન્ન થશે કે જે તમને શક્તિના વિશાળ રાજ્યમાં લઈ જશે—જે તમારા જીવનને વધારે વિસ્તૃત અને પૂર્ણ બનાવશે.

## આરોગ્ય—

શારીરિક આરોગ્ય વગર આકર્ષક થવાનું કાર્ય અતિશય દુર્ઘટ છે. અશક્ત અને વ્યાધિગ્રસ્ત માણસોમાં એવું કંઈક રહેલું હોય છે કે જેને લઈને તેઓના તરફ કોઇ આકર્ષાતું નથી. સ્વાભાવિક રીતે જ આપણને એમ લાગે છે કે કદાચ તેઓ આપણી પોતાની શક્તિને હરી લે; જેથી સગપણ કે સ્નેહનું બંધન હોય તો પણ આ વિચારની સત્તાને આપણે આધીન થઈએ છીએ. તેથી આપણને લાગે છે કે જેઓ સર્વત્ર આત્મિક શક્તિનું તેજ પ્રસારે છે તેઓના સહવાસમાં આવવું વધારે સારૂં છે. આમ હોવાથીજ આરોગ્યના સંરક્ષણ અને વિકાસ સર્વને માટે અતિ મહત્વના વિષય છે; અને એક ધાર્મિક કર્તવ્ય તરીકે તેમજ સત્ય મિત્રતા દર્શાવવાનાં સાધન તરીકે ગણીને આપણે દુર્બલ અને રોગી મનુષ્યોને આરોગ્યના સત્ય સિદ્ધાંતો સમજાવીને સબળ અને નિરોગી બનાવવાને યત્નશીલ બનવું જોઇએ.

ખુલ્લી હવામાં કસરત, સ્વચ્છ હવા પ્રકાશવાળા મકાનમાં નિવાસ, દીર્ઘશ્વાસ-પ્રશ્વાસ, સાદો અને સાત્વિક ખોરાક—આ સર્વ આકર્ષણશક્તિ વધારવામાં સાધન-ભૂત બને છે. જેઓ વિજયસોપાન પર આરોહણ કરવા ઈચ્છે છે તેઓએ આરોગ્ય સંરક્ષણના નિયમોથી અજ્ઞાત રહી રોગોને આમંત્રણ કરવું જોઇએ નહિ.

## ચારિત્ર્યબળ—

વિશુદ્ધ ચારિત્ર્ય વગર આપણે બીજાને આકર્ષી શકતા નથી, અથવા બીજાના વિશ્વાસના અને માનના પાત્ર બની શકતા નથી. જે માણસ ન્યાય અને નીતિના અમુક સિદ્ધાંતને દઢપણે વળગી રહેતો નથી, જેના વિચારો અસ્થિર છે તેના પ્રતિ કોઈ પણ ખેંચાતું નથી. જેઓની ચિત્તવૃત્તિ નિરંતર ચંચળ હોય છે તેઓનો કોઇ વિશ્વાસ કરતું નથી. મનની, શરીરની વા આત્માની નિર્બળતા હોય ત્યાંસુધી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આકર્ષણશક્તિ અલભ્ય છે. જે સ્ત્રીપુરૂષો અન્યનું ભલું કરવામાં પ્રવૃત્ત થાય છે તેઓમાં તે કરવાની હિંમત હોય છે અને તેઓ તે કરી શકે છે, તેઓ હમેશાં આગળ પ્રગતિ કરતાં હોય છે; અને જેઓને એકલા રહી જવાનો ભય નથી, જેઓની દૃષ્ટિ હમેશાં પોતાના લક્ષ્યબિંદુ તરફ જ હોય છે અને જેઓ ત્યાં પહોંચવાનો માર્ગ દૃઢ ચિત્તથી તૈયાર કરે છે તેઓને જગત્‌ના લોકો દૃઢ ચિત્તવાળા વીર પુરૂષો જ કહે છે અને તેઓ હિંમત અને દૃઢતાથી સર્વને પોતાના પ્રતિ આકર્ષવા સમર્થ બને છે.

કઠિન, ભયકારક અથવા ચિંતા ઉપજાવે એવા પ્રસંગોમાં જ ચારિત્ર્યબળની કસોટી થાય છે. ઉત્તમ ચારિત્ર્યવાન મનુષ્યોપ્રતિ નિકૃષ્ટ કોટિના આત્માઓ આકર્ષાય છે, જેઓ આવા મનોબળવાળા માણસના આશ્રયના અભાવે કદાચ સ્વ-કર્તવ્યથી ચલાયમાન થઈ જાત. વિકટ સંયોગોમાં અને સ્થિતિમાં મજબૂત મન-વાળા સ્ત્રી પુરૂષો જ વિજયી નિવડી શકે છે.

આધ્યાત્મિક જ્ઞાન આ ગુણનો પાયો છે. ન્યાય અને નીતિને નિરંતર વળગી રહેવાથી, આત્મસંયમ અને આત્મભોગ આચરવાથી, ઉચ્ચ આદર્શોને અનુસરવાથી, અને સ્પષ્ટત: સમજી સત્ય નિશ્ચય કરવાનો અને તે નિશ્ચયાનુસાર ધૈર્યથી પોતાના કાર્ય સાધવાનો યત્ન કરવાથી આ ગુણને કેળવી શકાય છે.

પ્રેમ —

પ્રેમમાં અનુકંપા તથા સાહાય્ય કરવાની વૃત્તિનો સમાવેશ થઇ જાય છે. તે વગર આકર્ષણશક્તિ હમેશને માટે અસરકારક બની શકતી નથી; કેમકે પ્રેમમાં ઉન્નત કરવાની શક્તિ રહેલી હોવાથી તેને એક પ્રકારનું મહાન આકર્ષક બળ ગણ-વામાં આવે છે. આરોગ્ય, ચારિત્ર્યબળ તથા વિવેકબુદ્ધિ મહાન આકર્ષણ કરી શકે, પરંતુ પ્રેમ વગર તેને ચિરકાળ ટકાવી રાખવાનું કાર્ય મુશ્કેલ છે; કેમકે પ્રત્યેક મનુષ્ય કોઇપણ આકારમાં સત્ય પ્રેમને માટે તિવ્ર ઉત્કંઠા ધરાવે છે. જેમ વૃક્ષો સૂર્યના પ્રકાશ વગર કરમાઇ જાય છે તેવી જ રીતે આધ્યાત્મિક પ્રાણીઓ સ્વભાવત: પ્રેમશૂન્ય વાતાવરણમાં રહી શકતા જ નથી. આ મહત્વની વાત ભૂલી જવાઈ અનેક મિત્રતાઓનો ટુંક સમયમાં અંત આવી જાય છે. જેઓ આપણા સહકારિ હોય છે તેઓ તરફ જો આપણે અંત:કરણનો નિર્મળ પ્રેમભાવ દર્શાવતા નથી તો આપણે કોઇ ઉચ્ચ આદર્શના ઉત્કર્ષસાધક તરીકે અથવા ધંધાદારી પુરૂષો તરીકે અતિશય પ્રતિષ્ઠાપન્ન થઇ શકતા નથી.

આપણા મિત્રો તરફ પ્રેમનો અસ્ખલિત પ્રવાહ સતત વ્હેવડાવવાથી આપણા-માં ક્રમે ક્રમે આખી વસુધાને કુટુંબ ગણવાની સદ્‌ભાવનાનો પ્રાદુર્ભાવ અને વિકાસ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાય છે. આમ હોવાથી જ આપણા બાળકોમાં પ્રેમ, અનુકંપા, ઉપકારવૃત્તિ આદિ ગુણોની ખીલવણી થાય તેવી કેળવણી આપવાની મુખ્ય જરૂર છે.

એક દયાવંત અને પ્રેમાળ અંતઃકરણની આકર્ષણશકિત કેટલી છે એ પશુ વર્ગ તરફ નજર કરતાં સહજ ખ્યાલમાં આવી શકે તેમ છે. કુદરતી રીતે જ તેઓ દયાવંત માણસો તરફ આકર્ષાય છે અને કઠિન હૃદયવાળા, સ્વાર્થી અથવા દયાહીન લોકોથી દૂર ભાગે છે.

## વિવેકશક્તિ—

આની અંદર અનુભવ અને શુદ્ધ બુદ્ધિનો સમાવેશ થાય છે, તેથી આકર્ષક વ્યકિતત્વને સંપૂર્ણ બનાવવામાં તે શક્તિની સવિશેષ અગત્ય છે; કેમકે આ ગુણ વિશ્વાસ ઉત્પન્ન કરે છે અને વળી આપણા જીવનકાર્યોમાં થતી ગંભીર ભૂલો અટકાવવાને અત્યંત આવશ્યક છે; તેમજ તે મિત્રતાને વિશેષ કિંમતી અને આનંદદાયી બનાવે છે.

વિવેકશક્તિ એ જ્ઞાન અને સમજશકિતનું ફળ છે; અને પૂર્વજન્મમાં અથવા આ જન્મમાં જ્ઞાન મેળવવા માટે મળેલા પ્રસંગોનો લાભ લેવામાં આત્માએ જે મુશ્કેલીઓ સહન કરી હોય છે તેના પ્રમાણમાં ઉક્ત શક્તિની વધારે વા ઓછી સંપ્રાપ્તિ થાય છે; તેથી જ્ઞાન અને સમજશકિત મેળવવાના કાર્યમાં તથા આપણી બુદ્ધિ આપણને વધારે ઉપયોગી થઇ પડે એટલા માટે તેને દૃઢતર બનાવવાના કાર્યમાં આપણે સતત પ્રયત્નશીલ રહેવું જોઇએ.

વિચાર કરવાની શકિતને, અવલોકનશક્તિને તેમજ સંગીન નિર્ણયો કરવાની શક્તિને કોઈ પણ કળાની માફક કેળવી શકાય છે. ટુંકામાં, વિવેકશક્તિ એ બીજું કાંઇ નથી, પરંતુ શારીરિક, માનસિક અને આધ્યાત્મિક વિકાસનું જુદું નામ માત્ર છે.

વ્યક્તિતગત આકર્ષણશક્તિ જ જીવન છે. અને એવો એક નિયમ છે કે જે માણુસ તેની જીંદગીના સર્વ ક્ષેત્રોમાં ઘણોજ ઉત્સાહી અને ઉદ્યોગી હોય છે તે અત્યંત આકર્ષક હોય છે, તે અનેક મિત્રો મેળવે છે અને આ સંસારયાત્રા દરમ્યાન અનેક કાર્યો સાધી શકે છે. જે લોકોમાં ઉત્સાહ અને ઉદ્યોગ ન્યૂન હોય છે તેઓમાં આકર્ષકશકિત પણ ન્યૂન હોય છે. સુસ્ત અને આળસુ માણસોમાં હૃદયબળ અથવા મગજશકિતનો અભાવ હોય છે. જો આપણે પ્રેમ અને અનુકંપાનો ઉદાર ચિત્તથી પુરેપુરો બહિર્ભાવ કરતા નથી તો તે અન્ય લોકો તરફથી સંપૂર્ણતઃ મેળવવાની આશા આપણે રાખી શકીએ નહિ; માટે જ આપણે આપણી જાતને દયાળુ, પ્રેમાળ અને ઉન્નતિકારક વિચારોથી ભરવી જોઇએ અને તેવા જ શબ્દો અને કૃત્યોમાં તે વિચા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રોનો આવિર્ભાવ કરવો જોઈએ. આ પ્રમાણે જ્યારે આપણે જગત્‌ની જરૂરિયાતો પૂરી પાડવામાં મદદગાર થઇ શકશું ત્યારેજ એવો શુભ સમય ત્વરાથી આવશે કે જ્યારે દ્રવ્યપ્રાપ્તિ માટે જેટલી ઉત્કંઠાથી સાંપ્રત સમયમાં યત્નો કરવામાં આવે છે તેટલીજ ઉત્કંઠાથી આરોગ્યપ્રાપ્તિ માટે યત્ન આદરવામાં આવશે, લોકો માનસિક અને આધ્યાત્મિક આભૂષણો મેળવવા તિવ્રતાથી ઈચ્છશે, જે સ્વાર્થસાધક વૃત્તિ અત્યારે સર્વત્ર વ્યાપી રહેલી જોવામાં આવે છે તેને બદલે ખરેખરો બંધુભાવ સૌના હૃદયમાં જાગૃત થશે, વિવેકશક્તિ તથા સમજશક્તિ એટલી બધી સામાન્ય થઇ પડશે કે જીંદગીના સુખ અને આનંદ વધવા માંડશે અને દુઃખદાયક પ્રસંગો ઓછા થવા માંડશે, દુઃખજનક અજ્ઞાન અને રૂઢિબંધનનો આધુનિક જમાનો ચાલ્યો જશે, ડહાપણ, ભ્રાતૃભાવ અને બુદ્ધિનો વિજય થશે, અને ન્યાયી નીતિમય જીવનનો પુનઃ ઉદય થશે, જેને પરિણામે આપણા સામાજીક તથા વ્યક્તિગત દુઃખો અને દર્દોનું ઉન્મૂલન થશે.

બુદ્ધિના, દયાલુત્વના અને આધ્યાત્મિક ઉત્કર્ષના યુગમાં પ્રવેશ કરવાને મદદગાર બનવાનો અધિકાર આપણને આપવામાં આવ્યો છે, અને તે શુભ દિવસનું આગમન ત્વરાથી થાય તે માટે આ યુગમાં આપણે યથાશક્તિ યથામતિ પ્રયાસ કરવા કટિબદ્ધ થવું જોઇએ.

છેવટે,

" Live for something, have a purpose,
And that purpose keep in view;
Drifting like a helpless vessel,
Thou canst ne'er to life be true. "

" કોઇ હેતુથી જીવન વહન કરો અને તે હેતુને સદા દૃષ્ટિસમીપ રાખો; નિરાધાર વહાણની માફક જીવન વહન કરવાથી સત્યનિષ્ઠ જીવન ગાળી શકાતું નથી. "

## સુખ યાને સુખી જીવન ગુજારવાનાં કારણો.

જગતમાં પ્રાણી માત્ર સુખને ઇચ્છે છે, અને તે મેળવવા માટે સદોદિત પ્રયત્ન કરે છે. પ્રાણી માત્ર સુખને ઇચ્છે છે છતાં દરેકની સુખની સમજુતી ભિન્ન ભિન્ન પ્રકારની હોય છે, તેમ સુખ મેળવવાનાં કારણો ( પ્રયત્નો ) પણ ભિન્ન ભિન્ન પ્રકારનાં હોય છે. જૈન શાસ્ત્રકારોએ સુખના બે ભેદ પાડેલા છે. ૧ આત્મિક સુખ યાને અ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભ્યંતર સુખ. ૨ બાહ્ય સુખ યાને પૌદ્દગલિક સુખ. આત્મિક સુખનો અનુભવ દરેક વ્યકિતગત હોય છે. એ સુખનો આનંદ બીજાના જોવામાં આવતો નથી. આ અભ્યંતર આનંદ એ જીવનો–આત્માના સ્વાભાવિક આનંદ છે. આત્મામાં અનંતસુખ સમાયેલું છે. એ સુખના રોધકને વેદનીય કર્મ તરીકે ઓળખવામાં આવે છે. આ વેદનીય કર્મના બે પ્રકાર પાડેલા છે. એક શાતા વેદનીય કર્મ અને બીજું અશાતા વેદનીય કર્મ. પંચેંદ્રિય સંપૂર્ણ હોય, નિરોગી શરીર હોય, શારીરિક વૈભવ, અનુકૂળ કુટુંબ, સમાજ અને રાજ્યદરબારમાં માન, પંચેંદ્રિયના વિષયોની અનુકૂળતા આદિ સર્વ શાતા વેદનીય કર્મના ઉદયવિપાકના ફળની નિશાની છે. એનો સમાવેશ બાહ્ય પૌદ્દગલિક સુખમાં થઇ શકે. અશાતા વેદનીય કર્મની નિશાનીઓ એથી વિપરીત છે–ઉલટા પ્રકારની છે. પંચેંદ્રિયમાં અપૂર્ણતા, રોગગ્રસ્ત શરીર, દરિદ્રતા, આજીવિકાના સાધનોનો અભાવ, કુટુંબની પ્રતિકૂળતા, સમાજમાં અપ્રિયપણું, ઇત્યાદિ અશાતા વેદનીય કર્મના વિપાકોદયની નિશાનીઓ છે. શાતા અને અશાતા વેદનીય કર્મના બંધનાં કારણો જુદા જુદા હોય છે, જે જાણવાની દરેક વ્યકિતની ખાસ ફરજ છે. તે શાસ્ત્રદ્વારા અથવા જ્ઞાતા પુરૂષદ્વારા જાણી લેવાની ભલામણ કરવામાં આવે છે.

આ વેદનીય કર્મ એ આત્માના સ્વાભાવિક સુખનું રોધક છે. એનો સર્વથા ક્ષય થવાથી આત્માનું અવ્યાબાધ સુખ પ્રકટ થાય છે. જે સુખ સિદ્ધ ભગવંતમાંજ સ્થિત થયેલું છે. એ સ્થિતિ પ્રાપ્ત કરવાની જીજ્ઞાસા આપણા દરેકમાં હોય એ સ્વાભાવિક છે. અને તેને માટે અનિવૃત્તિમય પુરૂષાર્થની આવશ્યકતા છે. “ગુરૂ ગુણમાલા” નામના ગ્રંથની છઠ્ઠી ગાથામાં આચાર્યમહારાજ સાત પ્રકારનાં સુખથી યુક્ત હોય છે એમ જણાવેલું છે. સુખી જીવન ગુજારવાને તે સાત કારણોનો આપણે કેટલેક અંશે ઉપયોગ કરી શકીએ તેનો કારણવાર આપણે અત્રે વિચાર કરીએ.

## ૧ સંતોષ.

સુખી જીવન ગુજારવાને સંતોષને અગ્રસ્થાન આપવામાં આવેલું છે. અત્ર સંતોષનું ખરૂં સ્વરૂપ સમજવા જેવું છે. ગૃહસ્થધર્મના અંગે સંતોષને કેટલાક લોકો દુર્ગુણ તરીકે માને છે. જેનામાં અસંતોષ હોય છે તેજ આગળ વધવાને, ધનવાન થવાને, અને મોટાઇ મેળવવાને પ્રયત્ન કરે છે. ગરીબાઇમાંથી શ્રીમંતાઇ પામેલા મોટા વેપારીઓમાં ગણાએલ લોકોમાં જો સંતોષ હોત તો તેઓ એ પ્રમાણમાં આગળ વધી શકત નહિ એમ કહેવામાં આવે છે. અને તે પ્રથમ દર્શનીય છે એમ કહેવામાં કાંઇ વજુદ છે એમ પણ આપણે કબુલ કરવું જોઇએ. અહિંજ શાસ્ત્રકારોના કથનની કસોટી આપણે કરવાની છે. શાસ્ત્રકારોનો કહેવાનો ઉદ્દેશ આપણે સમજવો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોઈએ. ગૃહસ્થધર્મના અંગે શાસ્ત્રકારોનું પ્રથમ ફરમાન એ છે કે " તમે જે વૈભવ મેળવવા માગો છો તે વૈભવ ન્યાયસંપન્ન હોવો જોઇએ. " ન્યાયસંપન્ન વૈભવને ઉન્નતિનું મૂળ કારણ માનેલું છે. ન્યાયસંપન્ન વૈભવ મેળવનારમાં ભલે સંતોષ ઓછો હશે તોપણ અન્યાયથી વૈભવ મેળવનારના મુકાબલે તે ઘણો સુખી માલુમ પડશે. તેનામાં ગુપ્તપણે સંતોષ રહેલો જ હશે. ન્યાયી પ્રવૃત્તિ એ સુખી જીવનનું પ્રથમ પગથીયું છે. ન્યાયી પ્રવૃત્તિવાળા અને અન્યાયી પ્રવૃત્તિવાળાઓનો જો આપણે મુકાબલો કરીશું તો કદાચ કોઈ કારણસર શરૂઆતમાં અન્યાયી પ્રવૃત્તિવાળાનો ઉદય વિશેષ જણાશે, તો પણ પરિણામે ચિરસ્થાયી ઉદય ન્યાયી પ્રવૃત્તિવાળાનો જ દૃષ્ટિગોચર થશે. અન્યાયી પ્રવૃત્તિવાળા કરતાં ન્યાયી પ્રવૃત્તિવાળો વિશેષ સુખી માલુમ પડશે. ન્યાયી પ્રવૃત્તિ ગૃહસ્થજીવનના દરેક કાર્યને સુંદર અને સરલ બનાવે છે. ગૃહસ્થ જીવનનાં અંગે સંતોષની એટલી જ વ્યાખ્યા કરવામાં આવે છે કે ન્યાયથી વૈભવ સંપાદન કરવો અને પારમાર્થિક ખર્ચ કરવાના પ્રસંગે પોતાની શક્તિ મુજબ ખર્ચ કરવાને સંકોચવૃત્તિ રાખવી નહી. ગૃહસ્થ ધર્મના વ્રત અંગીકાર કરવાના પ્રસંગે એવું ફરમાન છે કે ગૃહસ્થને પોતાની પાસે જે વૈભવ હોય તેટલાથી જો તૃપ્તિ થતી હોય અને વધુ ઉપાધિમાં પડવાની વૃત્તિ ઉપર અંકુશ રાખવા જેટલી તેનામાં શક્તિ હોય તો તેને પોતાની વર્તમાન સ્થિતિમાં સંતોષ રાખવો એના જેવું બીજું કાંઇ ઉત્તમ નથી. જો પોતાની વર્તમાન સ્થિતિમાં તેને સંતોષ ન હોય તો પોતાના જીવનમાં તેણે કેટલો વૈભવ મેળવવો છે તે નક્કી કરવું. ધન, ધાન્ય, સ્થાવર મિલ્કત, સોના રૂપાના દાગીના અને સોનું રૂપું, ચાકર, વાડી, બાગ, બગીચા, બંગલા ઇત્યાદિ બીજા જે જે વૈભવ પોતાનાં જીવનમાં કેટલા પ્રાપ્ત થાય તો પોતાની ઇચ્છા તૃપ્ત થશે એનો તેણે નિર્ણય કરવો જોઇએ. અને તેટલું મેળવવા માટે તેણે ન્યાયી રીતે અવિશ્રાંત ઉદ્યોગ કરવો, પોતાની ઇચ્છિત હદે પહોંચે એટલે પછી સંતોષ રાખવો અને પછી પોતાની પ્રવૃત્તિ સમુળગી અટકાવવી—ઓછી કરવી અને તેમ કરતા ધાર્યા કરતાં વધે તો તેનો પારમાર્થિક કાર્યમાં ઉપયોગ કરવો. શાસ્ત્રકારોના આ ફરમાનોનો અમલ કરવાથી ગૃહસ્થધર્મના અંગે સંતોષ સારી રીતે ખીલવી શકાશે. સંતોષ એ મહાન સદ્‌ગુણ છે અને જીવનને સુખી બનાવનાર છે, એટલું જ નહિ પણ જીવનને ઉન્નતિએ પહોંચાડનાર છે; કારણકે તે આત્મગુણ છે.

## ૨ ઇંદ્રિયજય યાને ઇંદ્રિયદમન.

જીવનને સુખી બનાવવા માટે પંચેંદ્રિયના વિષયો મરજી માફક ભોગવવા કે તેના ઉપર અંકુશ રાખી તેનો જય કરવો એ એક અગત્યનો પ્રશ્ન છે. વર્તમાન પ્રવૃત્તિમય જમાનામાં સમાજની માન્યતા ઘણે ભાગે એવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોવામાં આવે છે કે પંચેંદ્રિયના વિષયોને યથેચ્છિત ભોગવવા એજ સુખ છે, અને તેને માટે જોઇએ તેટલો ધનનો વ્યય કરવો, અને તેવા સાધનો મેળવવા માટે ઉદ્યોગ કરવો. ધન પ્રાપ્ત થયા પછી પણ સુખની લાલસાવાળા જીવો પંચેંદ્રિયના વિષયોના પોષણનાં સાધનો મેળવવાને કમર કસી પ્રયત્ન કરતા માલુમ પડે છે. આ વિષયો ભોગવવામાં જીવને તૃપ્તિ થતી નથી અને અધિક અધિક ભોગ ભોગવવાને માટે પ્રયત્નવાન થાય છે. પંચેંદ્રિયના વિષયોમાં અત્યાસક્ત જીવો પરિણામે સુખી થાય છે કે દુઃખી થાય છે એનો નિર્ણય કરવાનું વિચારવાન વાંચકની શોધકબુદ્ધિને સોંપીએ છીએ; કેમકે એમાં બીજાનો અનુભવ અને ઉપદેશ વાંચકને લુખો લાગશે. તેનો પોતાનો અનુભવ જ તેને વધુ કામ લાગશે. અહિં આ તો શાસ્ત્રકારોના કથન અને સમાજની માન્યતામાં જે વિરોધ છે એનો જ આપણે વિચાર કરવાનો છે. શાસ્ત્રકારોએ જીવનને સુખી બનાવવાને માટે ઇન્દ્રિજયને જ મહત્વ આપેલું છે. વિચાર કરતાં શાસ્ત્રકારોની માન્યતા ખરી છે એમ આપણી ખાતરી થશે. પંચેંદ્રિયના અતિ સેવનથી વિષય ભોગવનારમાં વિષય ભોગવવાની તૃષ્ણા ઘટવાને બદલે અધિકાધિક બલવત્તર બનતી જાય છે. જેમ જેમ વિષયો ભોગવતો જાય છે, તેમ તેમ ઉત્તરોત્તર વિષયો ભોગવવાની તેનામાં લોલુપતા વધતી જાય છે, લોલુપતા વધવાથી પંચેંદ્રિયના વિષયો મેળવવા માટે મહાન પ્રયત્નો આદરે છે, અને તેને મેળવે છે અને ભોગવે છે. વિષયતૃપ્તિ કરવાના પદાર્થો પ્રાપ્ત કરવામાં અનેક આપત્તિઓ અને અનેક અનર્થોના પ્રસંગો તેને પ્રાપ્ત થાય છે, પરંતુ તે તરફ વિષયલોલુપ માણસનું દુર્લક્ષ્ય રહે છે. તેજ કારણને લઇને પંચેંદ્રિયના અતિ સેવનથી પરિણામે તેનું શરીર ઘણા વ્યાધિઓનું ઘર બને છે અને વૈદ્ય ડૉકટરની ઓળખાણ કરવાનો પ્રસંગ પણ પ્રાપ્ત થાય છે. વિષયોના અતિ સેવનને અંતે દુઃખની પ્રવૃત્તિજ થાય છે. સુખી જીવનને બદલે માણસ દુઃખી જીવન ગુજારે છે. ઇન્દ્રિયજય કરવાથી આર્થિક અવનતિમાંથી બચવાની સાથે તેની શારિરીક સંપત્તિમાં ઘણો વધારો થાય છે, એટલુંજ નહિ પણ સમાજમાં પણ તેની કિંમત વધે છે. સમાજ અતિ ઇન્દ્રિયસેવન કરતાં ઇન્દ્રિયજય કરનારને વધુ માન આપે છે. તેની કિંમત સામાન્ય કરતાં કંઇક અંશે વિશેષ આંકે છે; માટે જીવન સુખી બનાવવાને ઇન્દ્રિયજય પણ એક સાધન છે અને તેટલાજ માટે ગૃહસ્થ ધર્મને અંગે શ્રાવકના પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રતની ઘટના કરેલી જણાય છે. એનું મહત્વ ઇન્દ્રિયજય કરવાના પ્રયોગમાં જણાઇ આવે છે. જગતની અંદર અભક્ષ્ય અને મોહક પદાર્થ અગણિત છે. ઇન્દ્રિય જય કરનાર તેના સપાટામાંથી બચી જશે; જ્યારે ઇન્દ્રિયને આધિન વર્તનાર તેનો યથેચ્છ ઉપભોગ કરવાને ચુકશે નહિ અને તે પ્રસંગે તે સામાન્ય નીતિ અને ધર્મના ફરમાનોને પણ બાજુ ઉપર મુકી દેશે. તેના ઉપભોગ પ્રસંગે તે પોતાને સુખી જીવન ગુજારનારામાંના એકને ગણે છે, પણ અહિં તેની ભૂલ થાય છે. પંચેંદ્રિયના વિષયોનો ઉપભોગ ફક્ત થોડા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાળ પુરતો જ છે. બાહ્ય પદાર્થના ઉપભોગથી થતો આનંદ કૃત્રિમ છે, સ્વાભાવિક નથી. કૃત્રિમ અને સ્વાભાવિક આનંદમાં મહત્વનો તફાવત એ છે કે કૃત્રિમ આનંદ પરવસ્તુના ઉપભોગમાં થોડા વખત પુરતો જ છે, જ્યારે આત્માનો સ્વાભાવિક આનંદ પોતાનો હોવા સાથે ચિરસ્થાયી છે. આથી આત્મિક શકિત પણ ખીલે છે.

## ૩ પ્રસન્નચિત્ત યાને આનંદી સ્વભાવ.

એ પણ સુખી જીવન ગુજારવાનું એક કારણ છે. જીવનમાં શોક અને હર્ષના પ્રસંગો વારંવાર પ્રાપ્ત થાય છે, તે વખતે મન ઉપર અંકુશ રાખવો એ એક મહત્વનો ગુણ છે. સામાન્ય વા વિશેષ લાભના પ્રસંગે હર્ષઘેલા થવું અને હાનિ વા નુકશાનના પ્રસંગે દુઃખી થવું એ જીવનને કલેશમય બનાવનાર છે. શાસ્ત્રકારોએ આ બન્નેને પાપસ્થાનક ગણેલા છે. રતિ અને અરતિ એ બન્ને પાપસ્થાનકોનું સ્વરૂપ સમજવા જેવું છે, જીવ અનાદિકાળથી સંસારમાં ભ્રમણ કરે છે, ત્યાં તેને અનુકૂળ તથા પ્રતિકૂળ સંજોગોની પ્રાપ્તિ થાય છે, તથા ઇષ્ટ અને અનિષ્ટ વસ્તુનો વિયોગ થાય છે. ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિ અને અનિષ્ટ વસ્તુના વિયોગ પ્રસંગે જીવને હર્ષ થાય છે. અનિષ્ટની પ્રાપ્તિ વખતે અને ઇષ્ટના વિયોગ વખતે તેને શોક થાય છે; અને આર્ત, રૌદ્ર ધ્યાનમાં કાળ ગુમાવે છે. આવી રીતે જીવન ગાળનારનું જીવન સુખી હોતું નથી, પણ દુઃખી માલુમ પડે છે. એ તમામ પ્રસંગો પ્રાપ્ત થાય તે વખતે મન ઉપર કાબુ રાખવાથી જ પ્રસન્નચિત્ત નામક ગુણને આપણે મેળવી શકીએ છીએ.

શ્રીમંત, મધ્યમ વા ગરીબ સ્થિતિમાંથી પસાર થતા કુટુંબોમાં બનતા દરરોજના પ્રસંગોનું બારીક રીતે અવલોકન કરીશું તો કંઇને કંઇ અંશે કુટુંબના માણસોમાં અને કુટુંબના મુખ્ય પુરૂષમાં અરતિ દશ્યમાન થશે. આ પ્રસંગે પ્રસન્નતાનો ગુણ ખીલેલો હશે તો તેને કુટુંબના બનાવો એક નાટકરૂપ લાગશે, અને તેમાંથી પણ તે આનંદ મેળવશે; એટલુંજ નહિ પણ કર્મબંધ નિમિત્ત પ્રસંગે પણ તે પ્રસન્નચિત્તથી કર્મબંધનાં કારણોનો નાશ કરશે. આ પ્રસંગે આપણુને સતી મયણાસુંદરીનો પ્રબંધ યાદ આવે છે. પિતાએ પૂછેલા પ્રશ્નનો જવાબ શાસ્ત્રોકત રીતે આપવાથી પિતા ગુસ્સે થાય છે, જેના પરિણામે તેને (મયણાસુંદરીને) કુષ્ટી વરને આપવાનો પિતા નિશ્ચય કરે છે, અને મયણાને ફરમાવે છે કે "તારે માટે આ કુષ્ટી વરની યોજના કરેલી છે." શાસ્ત્રની અભ્યાસી અને કર્મસ્વરૂપની જાણકાર મયણાસુંદરી પિતાની આજ્ઞાને માથે ચડાવી તુર્તજ પતિના પાસમાં જઈ ઉભી રહે છે. શાસ્ત્રકાર તે સમયનું વર્ણન કરે છે કે મયણાની મુખમુદ્રામાં યત્કિંચિત્ ફેરફાર વા ગ્લાનિ તે સમયે માલુમ પડતી નહોતી. અહિંજ આ ગુણની કિંમત છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાસ્ત્ર શ્રવણ કરનારના સાંભળવામાં તો આવા ઘણા પ્રસંગો આવે છે, પણ તે ઉપર વિચાર અને મનનની ખામીને લઇને આ ગુણની કિંમત પૂર્ણપણે સમજવામાં આવતી નથી. ખંધક મુનિના પાંચસો મુનિઓએ રાજાના ફરમાનથી ઘાણીમાં પીલાવાના પ્રસંગે આ ગુણના પ્રભાવથી કેવલજ્ઞાનની પ્રાપ્તિ કરી હતી અને મુક્તિને વર્યા હતા. ગજસુકુમાર મુનિના મસ્તક ઉપર સસરાએ માટીની પાળ બાંધી ખેરના અંગારા ભર્યા છતાં તેમાં આનંદ માની કર્મના બંધનને તોડી નાંખ્યા તે પણ આ ગુણના પ્રભાવથી જ. શ્રીપાળને અનેક ઉપદ્રવો કરનાર ધવલશેઠના ઉપર પણ શ્રીપાળની પ્રીતિ થવાના કારણમાં આ ગુણ સિવાય બીજું શું હોઇ શકે ? ન્યાયવાન્ રામચંદ્રજીને ગાદી પ્રાપ્ત થવાના સમયે વનમાં જવાનો હુકમ પિતા તરફથી મળ્યો તે પ્રસંગે રામચંદ્રના મન ઉપર કોઇ પણ જાતની અરતિ જણાઇ નહોતી, તેનું પણ કારણ આ ગુણ જ છે. ઐતિહાસિક દાખલાઓની સાથે વર્તમાન કાળની એવી મહાન વ્યકિતઓના દાખલાઓ લઇએ તો તે અસ્થાને નહિ ગણાય.

મર્હુમ શેઠ પ્રેમચંદ રાયચંદનું જીવન ચરિત્ર અમેરિકાના એક ધનાઢ્ય વેપારીએ લખેલું છે, જેનું ભાષાન્તર "ગુજરાતી" પત્રમાં મ્હારા વાંચવામાં આવ્યું હતું. તેમાં જણાવ્યું હતું કે જે વખતે શેઠની પૂર્ણ જાહોજલાલી હતી અને અત્યંત દોલત તેમની પાસે હતી તે વખતની શેઠની મુખમુદ્રામાં અને વખત જતાં શેઠની સ્થિતિમાં ફેરફાર થયો અને ન્યાયમંદિરમાં જવું પડયું અને ત્યાં આગળ પોતાની તમામ સ્થિતિ નિવેદન કરી પોતાની બધી મીલકત કોર્ટને સોંપી દેવાનું કબુલ કરી બહાર નિકળતી વખતની તેમની મુખાકૃતિમાં ચરિત્ર લખનારને કાંઇ જ તફાવત માલુમ પડ્યો નહોતો. શાસ્ત્રજ્ઞાનરસિક શેઠ અનુપચંદ મલુકચંદનો પરિચય મને ઘણો હતો. તેમની મુખાકૃતિ સર્વ પ્રસંગોમાં આનંદિત માલમ પડતી હતી. એક વખત ન્યાતની ભાંજગડના પ્રસંગે હું તેમની સાથે હતો. ન્યાતની ભાંજગડમાં તેમનું વર્તન કેવળ ન્યાયી હતું છતાં તેમને હદ ઉપરાંત અપમાન ભરેલા શબ્દો કહેવામાં આવ્યા હતા. આ પ્રસંગે તેમની મુખાકૃતિમાં કંઈ પણ ફેરફાર યા ગુસ્સો મને જણાયો નહોતો, પરંતુ ઉલટા તેઓ આનંદિત વદને જવાબ દેતા હતા. આ પ્રતાપ ખરેખર પ્રસન્નચિત્ત નામક ગુણનો જ હતો. જીવનને સુખમય બનાવવામાં આ ગુણની ખાસ જરૂર છે. ગમે તેવા અનુકૂળ વા પ્રતિકૂળ સંજોગો પ્રાપ્ત થાય તો પણ મનનું સમતોલપણું ટકાવી રાખવા માટે આ ગુણની ખાસ જરૂર છે.

## ૪ દયાળુ સ્વભાવ.

જીવનને સુખમય બનાવવામાં દયાળુ સ્વભાવની પણ જરૂર છે. કઠોરતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવનને વિષમય બનાવે છે ત્યારે દયાળુતા જીવનને અમૃતમય બનાવે છે. દયાના ઘણા પ્રકારમાંથી ગૃહવ્યાપારના અંગે ફક્ત સ્વદયા અને પરદયાના સ્વરૂપની વિચારણા અત્રે જરૂરી છે. જ્ઞાનીઓની એવી માન્યતા છે કે જેઓ સ્વદયા યાને પોતાની દયા પાળી શકે નહિ તેઓ પરદયા યાને બીજાની દયા પણ બરોબર પાળી શકશે નહિ. સ્વદયા યાને પોતાની દયા. એ શું? આવો પ્રશ્ન કદાચ જૈન શાસ્ત્રના રહસ્યના અજાણપણાને લીધે કેટલાકમાં ઉદ્દભવે તેમ છે. સર્વ ધર્મમાં દયા બતાવેલી છે અને દયાને ધર્મનું મૂળ ગણેલું છે, ત્યાં દર્શાવેલી દયાના હેતુનો વિચાર કરીશું તો તે પરના માટેજ જણાશે, સ્વદયાનો ત્યાં હેતુજ નથી. સમાજમાં દયાનો ઉપયોગ બીજાઓ પ્રત્યે તેમાં મુખ્યત્વે કરીને આપણાં કરતાં ગરીબ, અનાથ અને દુ:ખી પ્રત્યે આપણે કેવી રીતે વર્તવું એ બતાવવા માટે જ છે એમ લાગે છે. ત્યાં સ્વદયાનો ઉદ્દેશ જ નથી.

સ્વદયા એ પોતાની દયા છે. પોતાનો પાપમય વિચારો અને આચરણોથી બચાવ કરવો એ સ્વદયાનું સ્થૂલ સ્વરૂપ છે. ખરાબ વિચાર અને આચારોથી અટકવું એ ખરેખરી સ્વદયા છે. જીવન સુખી બનાવવામાં આ ગુણ ઘણો મદદગાર થશે. ખરાબ યાને પાપમય વિચાર ઉત્પન્ન થતા અટકાવવાને સમ્યગ્જ્ઞાનાભ્યાસની જરૂર છે. જેમણે સ્વદયા પાળવી હોય તેમણે હંમેશ તત્ત્વજ્ઞાનના ગ્રંથોનું વાંચન અને મનન કરવું જોઇએ, તેમજ સત્સમાગમ કરવો જોઇએ. એ વિના સારા વિચાર અને આચારની પ્રાપ્તિ થવી મુશ્કેલ છે. જો સારા વિચાર અને આચારની પ્રાપ્તિ થઇ તો પછી સારા અથવા નઠારા નિમિત્તોના પ્રસંગે કેમ વર્તવું એ કળા તેના જાણવામાં આવશે, અને તે જણાયાથી જીવન સુખી બની શકશે.

પરદયા—પરદયાનું સ્વરૂપ પણ સમજવા જેવું છે. દુ:ખી માણસોની દયા કરવી એટલે તેઓના માટે કરૂણાબુદ્ધિ ઉત્પન્ન કરી બેસી રહેવું એટલુંજ નહિ, પરંતુ દુ:ખી, અનાથ અને ગરીબ માણસોને પોતાની શક્તિ મુજબ સહાય કરવી. જે વખતે જેવા પ્રકારની અપેક્ષા આપણને જણાય તે પ્રકારની મદદ કરી તેઓને સહાય કરવી અને વચનથી તેઓને દીલાસો આપવો એ ખરેખરી દયા છે. આ સિવાય બીજી રીતે પણ દયા થઇ શકે તેમ છે. જેઓને ધર્મ અને નીતિના નિયમોનું જ્ઞાન બરાબર ન હોય તેઓને ધર્મ અને નીતિનું જ્ઞાન આપવું અને તેઓને ધર્મી અને નીતિવાન બનાવવા એ ભાવદયા છે. દ્રવ્ય, અનાજ, કાપડ વિગેરે ચીજોની સહાય કરી દયા બતાવવી એ તો ઉત્તમ છે, તો પણ તત્ત્વજ્ઞાનના બોધના દાનને શાસ્ત્રકારોએ અતિ ઉત્તમ માનેલો છે. જીવનને આનંદમય બનાવવાને આ પણ એક શ્રેષ્ટ સાધન છે, કેમકે આ ગુણ ખીલવવાથી સ્વપર બન્નેનું શ્રેય થાય છે. સમાજસેવા અથવા સ્વધર્મિવાત્સલ્યનો ગુણ આ ગુણની ખીલવણી ઉપર આધાર રાખે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવનના કર્ત્તવ્યક્રમમાં આને પણ એક કર્ત્તવ્ય સમજી તેને અમલમાં મૂકી પોતાના જીવનને આનંદમય બનાવવું એ જરૂરનું છે.

## ૫ સત્ય.

જીવનને સુખી બનાવવાની ઇચ્છાવાળાઓએ સત્યાવલંબી થવાની પણ જરૂર છે. જૈન શાસ્ત્રકારોએ સત્ય બોલવા અને સત્યાચરણ કરવા ઘણું ફરમાન કરેલું છે. સત્ય, પ્રિય, હિતકર અને મિતભાષી બોલનાર જગતપ્રિય થઇ શકે છે. સત્ય બોલનાર ઉપર બીજાઓ વિશ્વાસ રાખે છે. સત્ય બોલનારને બીજાઓની સાથેના પ્રસંગમાં કેમ વાત કરવી, કેવી રીતે વર્તવું વિગેરે માટે કંઇ ગોઠવણ કરવી પડતી નથી. સત્ય બોલવું એ આત્માનો સ્વાભાવિક ગુણ છે. સત્યને છુપાવનારને હજારો પ્રકારના કુવિકલ્પો કરવા પડે છે, અને પોતાને ભારે આપત્તિમાં તણાઇ જવું પડે છે. સત્ય બોલનાર આ સ્થિતિમાંથી મુક્ત છે. સત્ય વચન બોલવાનો નિયમ એ દુષ્કર વ્રત છે. સત્ય વચન બોલનાર જગતમાં પૂજાય છે; તેનું વચન સર્વમાન્ય થાય છે. જૈન શાસ્ત્રકારો એટલે સુધી કહે છે કે સત્ય વચન બોલનારને દેવ, દાનવ કે રાક્ષસ પણ ભય ઉપજાવી શકતા નથી, પણ સત્યના પ્રભાવથી તેઓ વશ થઇ જાય છે, અને સત્ય વચન બોલનારની આજ્ઞા શીર પર ચઢાવે છે, તો પછી મનુષ્યાદિકનું તો કહેવું જ શું? ગમે તેવા કઠિન સંયોગોમાં સત્ય, હિતકારી વચન બોલવું અથવા પ્રસંગવશાત્ મૌન રહેવું. તેથી જીવન સુખમય બનશે. ગમે તેવા કષ્ટના પ્રસંગે પણ જેઓ અસત્ય બોલતા નથી તેઓ જ ધર્મના અધિકારી બને છે. ધર્માભિલાષી જનોએ હંમેશ સત્ય અને હિતકર વચન બોલવાની ટેવ પાડવાનો ઉદ્યમ કરવો જોઇએ. સત્યને ખરા જીગરથી ચ્હાવું અને સત્ય બોલવાની ટેવ પાડવી એટલે કાંઇજ હરકત જીવનની સુખનયતામાં આવશે નહિ. સત્યમાંજ સમકિત છે.

## ૬ શૌચ–પવિત્રતા.

જીવનને સુખી બનાવવાને પવિત્રતા એ પણ જરૂરી સદ્દગુણ છે. પવિત્રતાના બે પ્રકાર છે. ૧ બાહ્ય પવિત્રતા. ૨ અભ્યંતર પવિત્રતા. સુખી જીવન બનાવાને બાહ્ય પવિત્રતા એ પણ એક કારણ છે. પોતાની રહેવાની જગ્યા સ્વચ્છ અને સુંદર રાખવી એ વ્યવહારમાં ઘણું જરૂરનું છે. ઘરને સ્વચ્છ રાખવા સારૂ ખાસ વિશેષ ખર્ચ કરવાની જરૂર નથી પણ વિશેષ ચીવટની જરૂર છે. ઘરમાં અને ઘરની આસપાસ ગંદકી થવા દેવી નહિં. કોઇપણ જાતના જીવજંતુ ઉત્પન્ન થાય નહિ એને માટે કાળજી રાખવી. જાળાં અથવા કરોળીયાના ઘરો બાઝવા દેવા નહિ. કપડાં સ્વચ્છ રાખવા. થુંકી વા ડાઘા પાડી ઘરને બગાડવું નહિ. વાસણ થોડાં પણ સ્વચ્છ રાખવા. સૂક્ષ્મ જંતુની ઉત્પત્તિ મેલ, ગંદકી અને કચરાથી થાય છે અને તેથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિવિધ પ્રકારના રોગો ઉત્પન્ન થઈ આપણને અને સમાજને નુકશાન થાય છે, એવું હાલના જંતુશાસ્ત્રના અભ્યાસીઓ કહે છે. શરીર પણ પવિત્ર રાખવું, એટલે એવી રીતનું રાખવું કે ખુલ્લી હવા શરીરનાં છિદ્ર દ્વારા શરીરમાં જઈ શકે.

સ્નાન કરવાનો ઉદ્દેશ ધ્યાનમાં રાખવા જેવો છે. અંધશ્રદ્ધાથી પાણી ઢોળી ન્હાવાથી શરીર પવિત્ર થતું નથી એમ જ્ઞાનીઓનું કથન છે. જીવનને સુખી બનાવવાને બાહ્ય પવિત્રતાની પણ અગત્ય છે.

બાહ્ય પવિત્રતાની જેટલી અગત્ય છે તેથી વિશેષ અભ્યંતર પવિત્રતાની જરૂર છે. અભ્યંતર પવિત્રતા ઉત્તમ પ્રકારનાં સદાચરણથી પ્રાપ્ત થઇ શકે છે. પવિત્ર આચરણ વગરની બાહ્ય પવિત્રતાની કિંમત જગત કરતું નથી, અને જીવન સુંદર બનતું નથી. જીવનને સુંદર અને આનંદમય બનાવવાને બન્ને પ્રકારની પવિત્રતાની જરૂર છે.

## ૭ દુર્જન પરિહાર.

જીવનને સુખી બનાવવાને સજ્જન પરિચય અને દુષ્ટ જન પરિહારની ખાસ જરૂર છે. ખરાબ ચલણ વા વ્યસનોવાળા મિત્રોની સોબત જીવનને ખરાબ કરનાર છે. જગતમાં જેટલી જેટલી વ્યક્તિઓ ખરાબ વ્યસન અને આચરણવાળી હાલમાં મોજુદ છે, તેમની આવી સ્થિતિની શરૂઆતનાં કારણો તપાસશું તો જણાઇ આવશે કે ખરાબ આચરણવાળાની મિત્રતાનું આ પરિણામ છે. જગતમાં સુખી અને આબરૂદાર જીંદગી ગુજારવાને ખરાબ સોબતથી દૂર રહેવાની ખાસ જરૂર છે. વડીલોએ મહા પરિશ્રમથી મેળવેલી લક્ષ્મી ખરાબ પુરૂષોને વારસામાં મળ્યા પછી થોડા જ કાળમાં જતી રહે છે અને તેવા લોકોની કઢંગી સ્થિતિ થયાના બનાવો જનસમાજનું સૂક્ષ્મ રીતે નિરીક્ષણ કરનારના જોવામાં અને જાણવામાં તરતજ આવશે. મોટા વૈભવમાં ઉછરેલાઓને નોકરી કરતાં પણ પેટ પુરતું ખાવાનું નથી મળતું, જેઓને ત્યાં લોકો નોકર રહેવા જાય તો નોકરી પણ આપે નહિ એવા લક્ષ્મીવાનના સંતાનોને બીજાઓને ત્યાં નોકરી કરી પેટ પુરૂં કરવાના બનાવો દૃષ્ટિગોચર થાય છે. આ સર્વ ખરાબ સોબતનું પરિણામ છે. વિદ્વાનોનું કથન છે કે સોબત સારાની કરવી; નહિં તો કોઇની પણ ન કરવી. દુષ્ટ જનની સોબત વા સહવાસ કરતાં એકલા રહેવું વધારે સારૂં છે.

સુખી જીંદગી ગુજારવાનાં અનેક કારણો હશે, પણ ઉપરનાં સાત કારણો તેમાં મુખ્ય છે. આ સાત કારણોનું બરોબર મનન કરી તેનો અમલ કરવામાં આવશે તો ખરેખર જીવન સુખમય બન્યા વગર રહેશે નહિ. આ કારણો એવા પ્રકારનાં છે કે તે મેળવવાને ખાસ ખર્ચ કરવો પડે તેમ નથી. ફક્ત તેનો અમલ કરવાની ટેવ પાડવી જોઇએ. જો એક વખત તેનો અમલ કરવાની ટેવ પડશે તો પછી તેનું આચરણ કરવામાં હરકત આવશે નહિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યુવાવસ્થાની શરૂઆતથી જ યુવકના લક્ષ ઉપર આ સાત કારણો આણી તેના ફાયદા તેને સમજાવવા જોઈએ. આ સદ્દગુણો યુવકોના સાચા મિત્ર સમાન છે. જેઓને પોતાનું જીવન સુંદર અને આનંદમય બનાવવું હોય તેઓએ આ ગુણો ખીલવવા પ્રયત્ન આદરવો જોઇએ. જ્ઞાનીઓએ બતાવેલા આ રસ્તે ચાલવાથી આપણે જરૂર સુખી જીવન ગુજારી શકશું, એવી દૃઢ શ્રદ્ધા રાખી તેનો અમલ કરનાર આ ભવ અને પરભવ સુધારી શકશે. આ ગુણોનો અમલ કરવાથી આત્મિક શક્તિ ખીલશે, આત્મિક શક્તિ ખીલવાથી જ બાહ્ય મોહક પદાર્થમાં સપડાઇ જવાશે નહિ અને પોતાનો તથા પોતાના કુટુંબનો ઉદ્ધાર થઇ શકશે. આ સદ્દગુણની ખીલવણીમાં બીજાની મદદની જરૂર નથી, પોતાની જાત ઉપર જ તે આધાર રાખે છે. જીવન સુખી અને સુંદર બનાવવાની ઇચ્છા કોને ન હોય ? જો હોય તો આ સદ્દગુણો ઉપર વિચાર કરો અને જ્ઞાનીઓએ બતાવેલા રસ્તે ચાલો એટલે સુખ કદી પણ તમારી પાસેથી ખસશે નહિ. અસ્તુ.

વકીલ નંદલાલ લલ્લુભાઇ.

# જૈન સાહિત્યનો પ્રચાર કયા ધોરણે કરવો જોઇએ ?

પુરાતનકાળમાં જૈનધર્મનું સામ્રાજ્ય ઘણું જ વ્યાપેલું હતુ. ક્રમે ક્રમે તેમાં ઘટાડો થતો આવતાં વર્ત્તમાનકાળે તેની સંખ્યા વિશેષ ઘટેલી છે અને હજી ઘટતી જશે એમ અનેક પ્રાજ્ઞ વ્યક્તિઓ પાસેથી સાંભળવામાં આવે છે. આનાં કારણો અનેક છે તે પૈકી જૈન સાહિત્યનો પ્રચાર જે ધોરણે કરવો જોઇએ તે ધોરણે થતો નથી એ પણ એક ખાસ કારણ છે. તે બાબત આપણે યથામતિ વિચાર કરીએ.

જૈન સાહિત્યના મુખ્ય ચાર વિભાગ પાડી શકાય. દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, ચરણકરણાનુયોગ અને ધર્મકથાનુયોગ. આ ચાર પૈકી પહેલા અનુયોગનું સ્વરૂપ પાછળ વિચારવા માટે બાકી રાખી બાકીના ત્રણ અનુયોગોનું સ્વરૂપ આપણે વિચારીએ.

ગણિતાનુયોગમાં જૈન શાસ્ત્રોમાં અકૃત્રિમ પદાર્થો ( નદી, દ્રહ, પર્વત, ક્ષેત્ર, નગર વગેરે ) નું વર્ણન ( જેને જૈન ભૂગોળ કહી શકાય ) તથા તેનાં પ્રમાણો આપવામાં આવ્યાં છે. તેમજ સૂર્ય, ચંદ્ર અને ગ્રહાદિની સંખ્યા, તેનું પ્રમાણ, તેની ગતિ ( ચાલ ) વગેરે ( જેને જૈનજ્યોતિર્વિદ્યા કહી શકાય ) નું વર્ણન આપવામાં આવ્યું છે. આ અનુયોગ બાકીના ત્રણે અનુયોગને સહાયકારક છે, તેમજ મં-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દિરની પ્રતિષ્ઠા અને અન્ય શુભ કાર્યો પણ આની મદદથી થઇ શકે છે. આ અનુયોગના અભ્યાસથી માણસની બુદ્ધિ ઘણી ખીલે છે, તેના જ્ઞાનથી આનંદ મળે છે અને તે ( જ્ઞાન ) કોઇ અપેક્ષાએ વિરાગનું કારણ પણ બને છે.

ચરણકરણાનુયોગમાં સાધુ અને શ્રાવકોએ પોતપોતાના ધર્મો કેવી રીતે પાળવા જોઈએ? તેનું સ્વરૂપ બતાવવામાં આવ્યું છે, અને તે જાણવાથી તે બન્ને પ્રકારની વ્યક્તિઓ સૌ સૌની ફરજોમાં સ્થિર થાય છે અને તેઓ જગતનું અનેક રીતે કલ્યાણ કરી પોતાનું જીવન અનુકરણીય બનાવી મહાપુરૂષોની સ્થિતિ પ્રાપ્ત કરી શકે છે.

ધર્મકથાનુયોગમાં પૂર્વે થઇ ગયેલા ઉત્તમ પુરૂષો તથા સ્રીરત્નોનાં ચરિત્રો આવે છે. તેને સાંભળવાથી, વાંચવાથી તથા તે સંબંધી સ્થિર ચિત્તે વિચાર કરવાથી મનુષ્યો સદાચારી બને છે તથા શાંતિ અનુભવે છે અને તે તે મનુષ્યો ઉપર બહુ માન પ્રકટ થાય છે. વળી તેના જેવા મનુષ્યો આ જગત્‌માં જે જે અંશે જોવામાં આવે છે તેના પ્રત્યે તે અત્યંત રાગ ધરાવે છે. આથી ગુણાનુરાગ પ્રકટે છે અને તેમ થવાથી પોતામાં ગુણો વધતા જાય છે અને દોષો ઘટતા જાય છે. એ પ્રકારે મહાન લાભ પ્રાપ્ત થાય છે.

હવે જે અનુયોગનાં જ્ઞાનથી મનુષ્યને આત્મા સંબંધી ઘણું જાણવાનું મળે છે અને જેથી તે સંસારબંધનથી શીઘ્ર મુક્ત થઈ શકે છે તે દ્રવ્યાનુયોગ છે. આમાં આત્મા કર્મથી કેમ મુક્ત થઇ શકે છે? કેમ લિપ્ત થાય છે? કર્મના કેવા કેવા પ્રકારો છે? જીવની ભિન્ન ભિન્ન સ્થિતિઓ શું શું કારણોથી થાય છે? તેનું અનેક રીતિએ એવું સૂક્ષ્મ વર્ણન આપવામાં આવ્યું છે કે તેના લક્ષપૂર્વક અભ્યાસથી સહૃદય અભ્યાસી સાનંદાશ્ચર્ય પામે છે, શ્રદ્ધાળુ બને છે અને તેના પ્રણેતા તીર્થંકરાદિ મહાપુરૂષો તથા તેમનાં વચનો ઉપર તેને સચોટ શ્રદ્ધા બેસે છે. એટલે આ અનુયોગનાં જ્ઞાનનો જેમ વિશેષ પ્રસાર થાય તેવા ઉપાયો યોજવા એ બહુ ઇચ્છવા યોગ્ય છે.

આ ચારે પ્રકારનાં જૈન સાહિત્યનો પ્રચાર કરવા અર્થે એ કરવું જરૂરનું છે કે તેવા ગ્રંથોના ભિન્ન ભિન્ન ભાષામાં તરજુમા કરી તેનો વિનામૂલ્યે કે અલ્પ મૂલ્યે જેમ બને તેમ સર્વ દેશોમાં ફેલાવો કરવો જોઈએ. તે સાહિત્યને અમુક એક બે ભાષામાં છુપાવી–ગોંધી રાખવાથી તે ઘણાઓના જાણવામાં આવી શકતું નથી. તેનું પરિણામ એ આવે છે કે તે જ્ઞાનનું અસ્તિત્વ ક્રમે ક્રમે ઘટતું જાય છે. જ્યારે તેને પ્રકાશમાં લાવવાથી અને ભિન્ન ભિન્ન ધર્મોના અનેક જિજ્ઞાસુ અનુયાયીઓ તેનો લાભ લે તેમ કરવાથી તેમાં રહેલી ખુબીઓ જગત સમજે છે અને વિચારદ્વારા તે તેના તરફ વળે છે–તેના ઉપર પ્રીતિ ધરાવે છે. આથી તેઓ વિચારજૈન બનતાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરિણામે તેમાંથી આચારજૈનો પણ થતા આવે છે. જૈનોની સંખ્યા વધારવાનું આ પણ એક ખાસ સાધન છે. આ પ્રસંગે ક્રિશ્ચિયન મિશનરિઓની પ્રવૃત્તિ તરફ ધ્યાન ખેંચવું અપ્રાસંગિક નહિ ગણાય. તેઓ તરફથી સ્ટેશને સ્ટેશને માણસો બહુ અલ્પ મૂલ્યે ચોપડીઓ વેચતા નજરે જોવામાં આવે છે અને મુસાફરો વખત ગાળવાને બ્હાને તથા મૂલ્ય અલ્પ હોવાથી તે ખરીદે છે. જો કે આના વાંચનથી બધા વાચકો ક્રિશ્ચિયનો બની જતા નથી, પણ તેમના વિચારો તો જરૂર તેમના મગજમાં પ્રવેશવા પામે છે. આવા પ્રકારનું કોઈ પણ ધોરણ જૈન સાહિત્યના પ્રચારને અંગે સ્વીકારવું જોઇએ. જોકે અહીં આશાતના થવાનો ભય ઉભો થાય છે, પણ બુદ્ધિરૂપી તુલામાં એક બાજુ આશાતના મૂકાય અને બીજી બાજુ તેથી થતો મહાન્ લાભ મૂકાય તો એ ચોક્કસ છે કે લાભવાળું છાબડું ઘણું નીચું નમી જાય; એટલે પછી એ ભયને અવકાશ રહે નહિ. કેમકે મ્હોટો લાભ થતો હોય તો થોડા નુકશાનનો ભોગ આપવો પડે એ અપ્રશંસનીય ન ગણાય. વ્યવહારમાં તો વ્યાપારાદિ પ્રસંગોમાં એમ બનતુંજ હોય છે, એ દરેકના અનુભવની વાત છે. તે ઉપરાંત લેખકોએ લેખથી, ઉપદેશકોએ ઉપદેશથી અને વકતાઓએ ભાષણથી જૈન સાહિત્યમાં રહેલા સૂક્ષ્મ બોધનો ફેલાવો કરવો એ ખાસ જરૂરનું છે.

આ સ્થળે એક જૈન મિશન સ્થાપવાની અગત્યતા તરફ જૈન સમૂહનું ધ્યાન ખેંચવું એ ખાસ જરૂરનું છે. જૈન મિશન સ્થપાય અને તે દ્વારા જૈન તત્વજ્ઞાનને સંગીન રીતે સમજાવી શકે તેવા, ભિન્ન ભિન્ન ભાષાનાં જ્ઞાનવાળા અને વિચાર સાથે આચારવાળા ઉપદેશકો ભિન્ન ભિન્ન દેશોમાં મોકલવામાં આવે અને ત્યાં જૈનેતરોની સભા વચ્ચે તે તત્વજ્ઞાન સમજાવવામાં આવે તો તેથી ઘણા લાભો થાય. મ્હોટો લાભ તો એ થાય કે તેઓ જૈન ધર્મપ્રત્યે માન ધરાવતા થાય અને તેમ થવાથી તેઓ તેનો દ્વેષ તો કયારે પણ ન કરે. તે ઉપરાંત જૈન ધર્મ સંબંધી તીર્થના હક્કો માગવાના કે બીજા તકરારી સવાલો ઉભા થાય તે વખતે તેઓની સહાનુભૂતિ અવશ્ય મળે. મર્હુમ મી. વીરચંદ રાઘવજીએ અને પંડિત લાલને અમેરિકા આદિ દૂર દેશોમાં જઈ જૈનધર્મનો ફેલાવો કરવા જે પ્રયત્નો સેવ્યા છે અને તેથી જે લાભો થયા છે તે જાણ્યા પછી આવું મિશન સ્થાપવાની અગત્યતા સૌ કોઈ એક મતે સ્વીકારે એમાં શંકા જેવું નથી. માત્ર દરેકે આ બાબત મન ઉપર લેવી જોઇએ; કારણ કે જમાનાને અનુસરીને આચારજૈનો વધારવા સાથે વિચારજૈનોની સંખ્યા પણ વધારવાની ઓછી જરૂર નથી.

*હાલની કેટલીએક પુસ્તક પ્રસારક અને પુસ્તક પ્રચારક સભાઓ મ્હોટે

**નોટ**–આ લેખક "કેટલીક પુસ્તક પ્રચારક સભાઓ માટે પુસ્તકો છપાવી વેચી પૈસા કમાવાનું કાર્ય કરે છે અને પોતાને જેનો સાથે સંબંધ છે તે મ્હેસાણા શ્રેયસ્કર મંડળ પુસ્તકો મુદલ કિંમતે વિના મૂલ્યે આપે છે એમ જણાવે છે, તો તેમની પરિચિત તે સંસ્થાની જેમ બીજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાગે પુસ્તકો છપાવી વેચી પૈસા કમાવાનુંજ કાર્ય કરે છે, એમ તેઓનું શરૂઆતનું અને હાલનું ભંડોળ જોતાં સ્પષ્ટ જાણી શકાય છે. તેઓ જ જો સસ્તુ સાહિત્ય પ્રસારવાનું લક્ષપર લે તો પણ ઘણું સારૂં પરિણામ આવે. મ્હેસાણા જૈન શ્રેયસ્કર મંડળ જે જે પુસ્તકો પ્રસિદ્ધ કરે છે તે વિનામૂલ્યે કે પડતર ભાવેજ આપે છે, અને તેથી તેનાં પુસ્તકોનો ફેલાવો ઘણો જ થયેલો છે. જૈન બુકસેલરોને તો કાંઈજ કહેવા જેવું નથી; કારણ કે તેઓની તો આજીવિકા તે ધંધા ઉપર રહેલી છે. પણ સંસ્થાઓ કે મંડળો આ બાબત લક્ષપર લે અને શ્રેયસ્કર મંડળનું અનુકરણ કરે તે બહુ ઈચ્છવા યોગ્ય છે; કેમકે જ્યારે તેઓનો ઉદ્દેશ પારમાર્થિક–જૈન સાહિત્યની સેવા કરવાનો–છે ત્યારે પરમાર્થના બ્હાને સ્વાર્થ સાધવો એ તેઓને માટે શોભા ભરેલું ન ગણાય.

અંતમાં જૈન સાહિત્યના પ્રચાર અર્થે શ્રીમાનો અને ધીમાનો, ઉભય સાથે મળી, પ્રયત્નશીલ થાય એમ ઇચ્છી આ ન્હાનો લેખ સમાપ્ત કરવામાં આવે છે.

માસ્તર દુર્લભદાસ કાલિદાસ.

# બોધક સૂત્રો.

જો તમે માયાળુ વિચારો સેવવાની ટેવ કેળવશો તો તમારી વાણી સ્વતઃ માયાળુ થશે.

કંઇ પણ કહેવાનું હોવું તે બોલવા માટે સૌથી સરસ તૈયારી છે.

સદ્ગુણ અને સત્કાર્યનો મૂલ્યવાન મુકુટ સૌ કોઇ ધારણ કરી શકે છે.

નિર્હેતુક બોલવું તે કરતાં કાંઇ ન બોલવું એ વધારે સારૂં છે.

જો આપણે કાયદાના જ્ઞાનની સાથે ઐક્ય સાધી શકતા નથી તો તે જ્ઞાન કેવળ ભારરૂપ ગણાય છે.

જો તમારે તમારો વખત નકામો ગાળવો હોય તો જે માણસ પોતાનો સમય નકામો ગુમાવવા ઇચ્છતો નથી તેની પાસે જઇને તમારો વખત વ્યતીત કરવા ઇચ્છા ન રાખો.

જે મનુષ્ય સ્વપ્રકાશમાં ઉભો રહે છે તે આખા જગતને અંધકારમય ધારે છે.

સંસ્થા કરે છે કે કેમ તેની માહેતી મેળવી, તે નામો પણ સ્પષ્ટ લખવા જોઇએ, તેમ નહીં કરવાથી બીજાને માટે તે ખરી તુલના કે ન્યાય નથી માટે આવી બાબતો માટે માહેતી મેળવી લખવું જોઇએ

પ્રકાશક.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણી વર્તમાન સ્થિતિ આપણા ભૂતકાળના વિચારો અને કાર્યોનું જ પરિણામ છે.

આપણે સત્ય અને અસત્યના પરિણામ જાણતા શીખવું જોઇએ અને પછી જ તે એમાંથી પસંદગી કરવી જોઇએ.

જે માણસને બીજા લોકોમાં વિશ્વાસ નથી હોતો તેને કોઈ પણ કાર્યમાં કોઇની સાહાય્ય મળી શકતી નથી અને તેથી તે વિજય પ્રાપ્ત કરી શકતો નથી.

ચારિત્ર્યનો વિકાસ એ જીવનનો પ્રથમ ઉદ્દેશ હોવો જોઇએ.

પ્રત્યેક આશિર્વાદ તમને દેવાદાર બનાવે છે. જ્યારે જ્યારે પ્રસંગ મળે ત્યારે ત્યારે તે દેવું વાળવા તમારે તત્પર રહેવું જોઇએ.

કેટલીક વખત નિર્દયતા મૂર્ખતામાંથી પરિણમે છે.

જ્યારે વિરકતભાવ જાગૃત થાય છે ત્યારેજ આપણા ખરા જીવનની શરૂઆત થાય છે.

કાર્ય કરવામાં આપણે વધારે શાંતિ અને ધીરજ રાખીએ તો ઓછી ભૂલો થવા સંભવ છે.

પ્રત્યેક વસ્તુને માટે ઉપકાર માનો. એમાં અપવાદ હોઇ શકે જ નહિ.

જગત્ પ્રતિક્ષણે વિકાસક્રમમાં આગળ વધે છે. તેમાં યથાશકિત મદદ કરો.

જે માણુસ હમેશાં સરળ અને સ્હેલાં કાર્યોને શોધતો ફરે છે તે મુશ્કેલીઓ-માંથી પસાર થવાનો આનંદ અનુભવી શકતો નથી.

જ્યારે કોઇ માણુસ શોકાતુર હોય છે ત્યારે તેને સુખી અને આનંદી બનાવવા-નો યત્ન કરવોતેના જેવો તેનો શોક દૂર કરવાનો અન્ય કોઇ અકસીર ઉપાય નથી.

આપણી આસપાસના લોકો વધારે સારૂં જીવન વહન કરે તે માટે તેઓને મદદગાર થવું એ આપણા દેશની સેવા કરવાનો વ્યવહારિક માર્ગ છે.

જે માણુસ તદ્દન ગંભીર રહે છે તે હાંસીને પાત્ર બને છે.

આગામિ કાળમાં મૃત્યુનું નામનિશાન નહિ રહે; તેથી રૂદન, વિલાપ અને આધિ વ્યાધિ અદૃશ્ય થશે.

સ્વર્ગમાં મનુષ્યના દરજ્જાનું માપ તેણે પૃથ્વીપર કરેલાં કાર્યોથી થઇ શકે છે.

શુભાશુભ કાર્યોનો બદલો માણુસોને છેવટે જરૂર મળે છે.

તમારામાં રહેલું સારૂં બીજાને આપવું તે તમારાપ્રતિ સારાને આકર્ષવાની ચોક્કસ રીત છે.

નૈસર્ગિક રીતે જીવન નિર્વહન કરવામાં અને સર્વને ચ્હાવામાંજ ખરૂં સૌજન્ય રહેલું છે–નહિ કે પવિત્ર વચનોમાં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુર્ખાઇભરેલા ટીકાયુક્ત નિર્ણયો કરવાનું બંધ કરો.

તમે ઇચ્છો તેવી તમારી જાતને બનાવવાની તમારામાં શકિત રહેલી છે.

જો આપણે ઉચ્ચગામી થઇએ તો આપણી આસપાસ રહેલા સર્વને આપણે ઉચ્ચ બનાવી શકીએ અને જો અધોગામી થશું તો આપણે સર્વને અધોગતિની ગર્તામાં ઘસડી જશું.

તમારા ચ્હેરાપર હાસ્યની છટા સહિત નિદ્રાધીન બનો; તેનાથી તમારો ચ્હેરો સુંદર થશે અને તમારી પ્રકૃતિ આનંદી બનશે.

જેનો આપણે નિરંતર વિચાર કર્યા કરીએ છીએ તેવા જ આપણે થઇએ છીએ.

આપણામાંના ઘણાખરા તો દીર્ઘ સમય સુધી ભૂલ અને ગેરવર્તણુક ભરેલું જીવન વ્યતીત કરતા દૃષ્ટિગોચર થાય છે.

તમે ઉચ્ચતર કાર્યો માટે પાત્રતા બતાવશો તો કુદરત તેવાં કાર્યો તમારા માટે નિયત કરશે જ.

એક શુભ વિચારથી માત્ર ચ્હેરો બદલાઇ જાય છે એટલુંજ નહિ પણ આખા શરીરમાં રૂપાંતર થઇ જાય છે.

એક તેજસ્વી ચ્હેરો અનેક કિંમતી રત્નો કરતાં વધારે કિંમતી છે, અને તેથી જ તે વિરલ છે.

આપણે કંઇક સારૂં કર્યું છે તે અભિજ્ઞાનથી મૃત્યુની ભયંકરતા કંઇક અંશે ઓછી થાય છે.

જેઓએ મહાન પરાક્રમ ભરેલાં કાર્યો બજાવ્યા હોય છે તેઓને મોટી મુશી-બતોમાંથી પસાર થવું પડયું હોય છે.

જેમ આપણને આનંદી લોકોના સહવાસથી વિશ્રાંત મળે છે તેમ આપણે પણ આપણા સહવાસથી બીજા લોકોને વિશ્રાંતિ આપવી જોઇએ.

આપણાં જીવનનું માપ, આપણા શ્વાસોશ્વાસથી નહિ, પણ આપણાં કાર્યોથી થાય છે.

જો તમે મુખ ઉપર મંદ હાસ્યસહિત ઉન્નતિના ગિરિ ઉપર આરોહણ કરવાનું શરૂ કરશો તો ઘણી જ સ્હેલાઇથી શિખર ઉપર પહોંચી શકશો.

મનુષ્યજીવન અનેક પ્રસંગોથી ભરપૂર છે. પ્રત્યેક સંયોગ અને બનાવને ઉન્નતિના શિખરપર પહોંચવાના પગથીયારૂપ બનાવી શકાય છે.

આ જગત્માં માણસો જે કાંઇ ભલું કરે છે તે જ તેઓનું ખરૂં દ્રવ્ય છે. પ્રત્યેક મનુષ્યનાં હૃદયમાં જે સારૂં રહેલું છે તે જાણવા સદા યત્ન કરો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પંડિત બેચરદાસને સુચના.

**વ્યાખ્યાન વાચસ્પતિ, શ્રીમાન્ મુનિરાજ શ્રી લબ્ધિવિજયજી મહારાજે પંડિત બેચરદાસને** હીંદી ભાષામાં એક હેન્ડબીલ કાઢી કેટલાક પ્રશ્નો તેમના ભાષણ સંબંધી પુછ્યા છે. તેનું ટુંકામાં ગુજરાતી ભાષાંતર કરી નીચે મુજબ તે આપવામાં આવેલ છે.

૧ જેમ ઢુંઢીઆ લોકો શ્રી પંચાગીનો ત્યાગ કરી કેવળ મૂળ માત્ર-૩૨ સુત્ર માને છે તેમ તમે માનો છો કે, પંચાગી સહિત, ૪૫ આગમ માનો છો ?

૨ શાશન પ્રભાવક સુવિહિત ગચ્છના ધોરી શ્રી હેમચંદ્રાચાર્ય શ્રી અભયદેવસૂરિ શ્રી મલયગિરિ મહારાજ, શ્રી દેવેન્દ્રસૂરિ, શ્રી ધર્મઘોષસૂરિ, શ્રી રત્નશેખરસૂરિ, શ્રી વિજયહીરસૂરિ, શ્રીમદ યશોવિજયજી ઉપાધ્યાય, આદિ અનેક મહાત્માઓના કરેલ ગ્રંથો સુત્રાનુસાર હોવાથી જૈન સમાજ સૂત્રવત માને છે તેને તમે પ્રમાણ માનો છો કે નહિ. !

૩ પ્રથમના સમયમાં મંદિરોને બારણાં નહોતાં, અને મંદિરો શહેરમાં નહિ પરંતુ જંગલમાં હતાં એ વિષયને સાબીત કરવાને માટે તમારી પાસે કયા સુત્રનો પાઠ છે !

૪ પરમાત્માની પુજાને તમે માન્ય રાખો છો કે નહિ. !

૫ તાંત્રિક યુગ, કયા સંવતમાં અને કયા પુરૂષથી શરૂ થયો અને તાંત્રિક શબ્દનો શું અર્થ કરો છો ?

૬ તા-૨૦ મી એપ્રીલના જૈન પત્રમાં તમોએ આપેલું ભાષણ બરાબર છે કે તેમાં કાંઇ ફરક છે !

૭ દેવદ્રવ્યના વિષયમાં તમોએ આપેલ ભાષણ વિરોધવાળું છે એમ કેટલાક કહે છે તો તમને ઉચીત્ત છે કે, તમારા પોતાનું મન્તવ્ય જાહેર કરો કે તમો મૂર્તીપુજક શ્વેતામ્બરી ધર્મની પૂર્ણ શ્રદ્ધા રાખો છો ? કે બીજા ?

ઉપરના પ્રશ્નોનો તમારા હસ્તાક્ષરથી નિર્ણય નહિ કરો ત્યાં સુધી આસ્તિક લોકો તમારી વાતો ઉપર વિશ્વાસ રાખશે નહિ.

## સ્વર્ગગમન.

દેશ પંજાબમાં આવેલા લુદીહાણા શેહેરમાં ગુજરાતી વૈશાખ વદિ ૧૩ ના દિવસે મુનિરાજ શ્રી ચંદનવિજયજી મહારાજ લગભગ ૧૦૦ સો વર્ષની નજીક અવસ્થાએ સ્વર્ગગમન કરી ગયા છે. શ્રી બુટેરાયજી મહારાજના શિષ્ય સમુદાયમાં આવડી મોટી ઉમરના આ છેલ્લાજ સાધુ મહાત્મા હતા. તેમણે શ્રી આત્મારામજી મહારાજ ઉર્ફે શ્રી વિજયાનંદ સૂરીશ્વરની સાથે ઢુંઢક મતનો ત્યાગ કર્યો હતો. જાતીના તેઓ અગ્રવાલ વાણીયા હતા અને જન્મસ્થાન બીનોલીની આસપાસમાં હતું. તેઓ ઘણુાજ સરલસ્વભાવી શાંતમૂર્તિ ક્રિયાપાત્ર મહાત્મા હતા. તેમણે શ્રીમત્ પરમપૂજ્ય મુનિરાજ શ્રી હંસવિજયજી મહારાજ સાહેબ સાથે શ્રી સમેતશીખરજીની યાત્રા કરી હતી અને કલકત્તા મુર્શીદાબાદ સુધી વિહાર કર્યો હતો. શ્રી સિદ્ધાચલાદિ તીર્થોની યાત્રા કરી તેમણે પંજાબ દેશમાં ઘણી વખત મુસાફરી કરી હતી ઘણે ભાગે તેઓ દીલ્હીની આજુ બાજુના વાગડદેશમાં બીનોલી અને ખીવાઇ વિગેરે ગામોમાં વિચરતા હતા. આવા મહાન્ વયોવૃદ્ધ સાધુ મહાત્માની જૈનોમાં ખોટ પડી છે. તેઓના આત્માને પરમ શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પ્રાર્થના કરીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગરનો ચોવીશમો વાર્ષિક મહોત્સવ અને જયંતી.

ચાલતા માસ જેઠ શુદી ૭ ના રોજ ભાવનગરમાં આ સભાની વર્ષગાંઠ નીમીત્તે અને જેઠ શુદી ૮ ના રોજ શ્રી સિદ્ધાચળજી ઉપર સ્વર્ગસ્થ મહાત્મા શ્રીમદ્ વિજયાનંદસૂરિ (આત્મારામજી મહારાજ) ની સ્વર્ગવાસ તિથિ નિમિત્તે નીચે મુજબ મહોત્સવો કરવામાં આવ્યા હતા.

શ્રી જૈન આત્માનંદ સભાને સ્થાપન થયા ત્રેવીશ વર્ષ પુરા થઇ ચોવીશમું વર્ષ શરૂ થવાથી આ માસની શુદી ૭ ના રોજ સભાની વર્ષગાંઠ હોવાથી આ ઉતમ પ્રસંગને માટે પ્રથમ આમંત્રણ પત્રિકાઓ છપાવી બ્હાર ગામના મેમ્બરોને મોકલવામાં આવી હતી.

જેઠ શુદ ૭ ના રોજ દરવર્ષ મુજબ વાર્ષિક મહોત્સવ સભાના મકાનને ધ્વજા પતાકા તોરણોથી શણગારી, તેમાં પ્રથમ સ્વર્ગવાસી પૂજ્યપાદ ગુરૂરાજશ્રીની છબી પધરાવી વાસક્ષેપ સભાસદોએ સવારના સાડા આઠ વાગે પૂજન કર્યું હતું ત્યારબાદ નવવાગે પ્રભુને પધરાવી મુનિરાજ શ્રી વલ્લભવિજયજી મહારાજ કૃત એકવીશ પ્રકારી પૂજા ભણાવવામાં આવી હતી; જે વખતે મેમ્બરો ઉપરાંત અન્ય ગ્રહસ્થોએ પણ સારી સંખ્યામાં હાજરી આપી હતી. ત્યારબાદ જેઠ શુદી ૭ ના રોજ સાંજની ટ્રેઇનમાં આ સભાના શુમારે ૪૦ મેમ્બરો શ્રી સિદ્ધાચલજી ગયા હતા.

જેઠ શુદી ૮ ના રોજ સવારના પ્રથમ ડુંગર ઉપર મોટી ટુંકમાં જ્યાં સ્વર્ગવાસી ઉક્ત મહાત્માની મૂર્તિસ્થાપન કરવામાં આવેલી છે, ત્યાં પૂજા કરવામાં આવી હતી. અને તેજ દિવસે ગિરિરાજ ઉપર શ્રી આદિશ્વર ભગવાન, શ્રી પુંડરિકજી મહારાજ, શ્રી શાંતિનાથજી મહારાજ, પાદુકા અને શ્રી આત્મારામજી મહારાજની મૂર્તિને સુંદર આંગી રચવામાં આવી હતી. અને યાત્રા પૂજા ભાવના વગેરે ઉત્તમ કાર્યો કરવામાં આવ્યા હતા તેમજ શ્રી પંચતિર્થની પૂજા ( મુનિરાજ શ્રી વલ્લભવિજયજી મહારાજ કૃત ) ભણાવવામાં આવી હતી, અને સ્વમીવાત્સલ્ય કરવામાં આવ્યું હતું. અને તે ગુરૂભક્તિના કાર્યમાં ત્યાં બીરાજમાન પ્રવર્તકજી મહારાજ શ્રી કાન્તિવિજયજી મહારાજ તથા શ્રીમાન હંસવિજયજી મહારાજ તથા પંન્યાસજી શ્રી સંપતવિજયજી મહારાજે ભાગ લઇ ગુરૂભક્તિ કરી હતી.

## ખંભાતમાં ઉજવાયેલ જયંતી.

જેઠ શુદ ૮ ના રોજ શ્રીમદ્ વિજયાનંદસૂરિજીની જયંતી જૈન શાળાના હોલમાં શ્રી ... જૈન સભા તરફથી ઉજવવામાં આવી હતી ઉકત જૈનશાળાના સેક્રેટરી અંબાલાલ જેઠાલાલે ઉક્ત મહાત્માનું જીવન ચરિત્ર કહી સંભળાવ્યું હતું. તથા મી. રતનલાલ છોટાલાલે તેમના જીવનમાં નીકળતો સાર કહ્યો હતો. વિદ્યાર્થીઓએ સ્તુતિ કરી હતી. પુજા ભણાવવામાં આવી હતી વગેરે ગુરૂ ભક્તિના કાર્યો કર્યાં હતાં.

## સુરતમાં ઉજવાયેલી જયંતી.

સુરત–છાપરીયાશેરીમાં જેઠ શુદ ૮ ના રોજ શ્રીમાન્ પૂજ્યપાદ વિજયાનંદસૂરિ ( આત્મારામજી મહારાજ ) ની જયંતી તેઓશ્રીના પ્રશિષ્ય મુનિરાજશ્રી લબ્ધિવિજયજી મહારાજના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપદેશથી ઉજવવામાં આવી હતી. ત્યાંના શેઠ ચુનીલાલ વિમળચંદના ઉપાશ્રયમાં સવારના નવ વાગે ચતુર્વિધ સંઘ એકઠો થયો હતો. પ્રથમ છબીને પૂજન કર્યા બાદ શ્રીમાન્ મોહનલાલજી મહારાજના શિષ્ય શ્રી ખાંતિમુનિ તથા મુનિરાજ શ્રી લબ્ધિવિજયજી મહારાજે મંગળાચરણ તથા કેટલુંક વિવેચન કર્યા બાદ પુરૂષોત્તમ જયમલ રાઠોડે તથા મોહનલાલભાઇએ સ્તુતિ કર્યા બાદ શા મણીલાલ આણંદચંદે ઉક્ત મહાત્માના ચરિત્રનું વર્ણન કરી બતાવ્યું હતું. ત્યાંના દેરાસરમાં પૂજા ભણાવવામાં આવી હતી. તથા આંગી ભાવના વગેરેથી ભક્તિ કરવામાં આવી હતી.

## ખીવાણદી ( મારવાડ ) માં જયન્તિ ઓચ્છવ.

પ્રાતઃસ્મરણીય પરમપૂજ્ય ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી-આત્મારામજી મહારાજની જયન્તિ-સ્વર્ગવાસતીથિ-જેઠ સુદિ અષ્ટમીને દિવસે હોવાથી જૈન ધર્મશાળામાં એક વિશાળ મંડપ રચવામાં આવ્યો હતો. અને ધ્વજા પતાકાથી શણગારવામાં આવ્યો હતો.

નવ વાગતાં પૂજ્યમુનિ મહારાજશ્રી વલ્લભવિજયજી મહારાજ સાહેબ સપરિવાર પધારતાં તેવણને જયધ્વનિની ઘોષણાથી વધાવી લેવામાં આવ્યા હતા.

વિદ્યાપ્રેમી પૂજ્ય મુનિમહારાજ શ્રી વલ્લભવિજયજી મહારાજના પ્રમુખપદે બિરાજ્યા બાદ વિજાપુર-મારવાડ વાલા શેઠ ઝવેરચંદભાઇએ એકત્ર થવાનું કારણ કહી બતાવ્યું. પછી મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી મહારાજે પોતાની મધુર હિન્દિભાષામાં છટાદાર ભાષણ આપી જણાવ્યું હતું કે ખરા દેશભક્ત મહાત્મા એવાજ થવા જોઇએ જેઓએ પંજાબદેશમાં ઉત્પન્ન થઇ પ્રથમ એ દેશનેજ સુધારી પછી મારવાડ ગુજરાત વિગેરે સુધાર્યા પછી મુનિશ્રી સમુદ્રવિજયજીએ જુસ્સાદાર ભાષણ આપી જણાવ્યું હતું કે—

મરહૂમ આચાર્ય મહારાજશ્રી વિજયાનંદસૂરીશ્વરજી આત્મારામજી મહારાજે આ વીસમી સદીમાં જો જૈનધર્મની રક્ષા ન કરી હોત તો આજે જૈન સમાજની શી દશા થાત તે હું કહેવાને સમર્થ નથી.

મરહૂમ આચાર્ય મહારાજે અપૂર્વ અનેક ગ્રંથ રચના કરી જૈન સમાજપર જે અનહદ ઉપકાર કરેલ છે તેનું વર્ણન કરવું અશકય છે.

જો આ મહાત્મા આ સમયમાં મોજૂદ હોત તો જૈન સમાજ માટે અનેક કાલેજો ખુલ્લી થઇ હોત. પશ્ચાત્ મરૂધર ગૃહસ્થોને સાવધાન કરી કહ્યુ હતું કે આપણે હવે ઉદાસ થવું જોઇએ નહીં. આપણા સભાપતિજી ( શ્રી ૧૦૮ શ્રી વલ્લભવિજયજી મહારાજજી ) એ મરહૂમ જગદવિખ્યાત શ્રી આચાર્યશ્રી આત્મારામજી મહારાજના વિચારોને પરિપૂર્ણ કરવા માટેજ માનો અવતાર ધારણ કર્યો છે.

અંતમાં મારવાડી ગૃહસ્થોને સંબોધીને જણાવ્યુ હતું કે હવે આપની દશા પલટવાની તૈયારીમાં છે આપના અજ્ઞાનરૂપી અન્ધકાર નષ્ટ થવાનો સમય નજીક આવી પહોંચ્યો છે,-આપના અજ્ઞાનરૂપી તિમિરને દૂર કરવા માટેજ આ સૂર્ય આવી પહોંચ્યો છે આ સૂર્યે ગુજરાત, કાઠીયાવાડ સોરઠદેશ વિગેરે દેશોમાં અજ્ઞાન તિમિર દૂર કરવા માટે મુંબઇ વિગેરે અનેક શહેરોમાં જ્ઞાન સંસ્થાઓ સ્થાપન કરવી આપણા પ્રચંડ પુણ્યોદયથી આ સાલમાં મરૂદેશમાં ઉદય થયો છે એજ મરૂદેશની ઉન્નતિની નિશાની છે, પછી સાદડી નિવાસી ભાઇઓ-શ્રી સંઘ-ને ધન્યવાદ આપી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અત્રેના ભાઇઓને સૂચના કરી હતી કે આપ ઉદાર દીલથી ગોડવાડ જૈન વિદ્યાપ્રચાર- ફંડમાં તન-મન-ધનથી સહાય આપી અવશ્યમેવ પુણ્ય ઉપાર્જન કરશો.

પછી અત્રેના રહેવાસી પ્રતાપમલ જૈને કેટલીક વાતો મરહૂમના પગલે ચાલવાની વિદ્યાપ્રચારકની તીવ્ર લાગણીથી છટાદાર જણાવી હતી. પછી વિજાપુરવાળા શેઠ ઝવેરચંદભાઇએ મરહુમ આચાર્ય મહારાજે જૈન તેમજ જૈનેતર તથા પાશ્ચિમાત્યવિદ્યાનો પર અપૂર્વ અનેક ગ્રંથ બનાવી જે જે અનહદ ઉપકારો કર્યા છે તેનું સંક્ષેપથી દિગ્દર્શન કરાવી કન્યાવિક્રય ન કરવા વિષે છટાદાર બોધ આપ્યો હતો. તેની અસર શ્રોતાઓ પર બહુજ સારી થઇ આવી હતી.

બીજા કુધારાનો સુધારો કરવા પોતે સાધર્મીભાઇ હોવાથી પોતાના સાધર્મીભાઇઓને નમ્ર પ્રાર્થના કરી હતી.

અંતમાં સભાપતિજી સાહેબે પોતાની રસીલી મધુર હિન્દિભાષામાં મનોહર ભાષણ આપ્યું હતું. જેમાં ભાષણની પ્રારંભમાં જે ગાયનું દૃષ્ટાંત આપ્યું હતું તે ખરેખર મનન કરવા યોગ્ય છે.

આત્માની અંદર જે રહેલી શક્તિ તે પણ પ્રયોગ વિના પોતાને અને અન્ય પ્રાણીઓને કાંઇ પણ ઉપયોગમાં આવી શકિત નથી.

આ દૃષ્ટાંતને સવિસ્તાર સમજાવી આજકાલ શેની જરૂરીયાત છે. વિદ્યા-સંપ વિગેરે વિષયોપર સમયાનુસાર અચ્છીરીતે સમજાવી સભાસદોને આનંદ આપ્યો હતો.

આખરે જયન્તિ નાયક શ્રી વિજયાનંદસૂરીશ્વરજીની જય બોલાવી બારવાગતાં સભા વિસર્જન થઇ હતી.

આ શુભ પ્રસંગે પાલીથી મહારાજ સાહેબના દર્શનાર્થે તેમજ ચોમાસાની વિનતી માટે આવેલ શેઠ ચાંદમલજી છાજેડ આદિભાઇઓએ પ્રભાવના કરી લાભ લીધો હતો.

બપોરે મરહુમ જયન્તિ નાયક શ્રી આત્મારામજી મહારાજ કૃત નવપદજીની પૂજા ભણાવવામાં આવી હતી.

ઘણી હર્ષની વાતતો એ છે કે અત્રે ઘણા વર્ષોથી ચાલતો આવેલ ટંટો આ જયન્તિના સમયે નાબુદ થયો છે, જેથી જયન્તિની તુરત સાર્થકના થઇ છે. इत्यलम्.

# વર્તમાન સમાચાર.

## खीवाणदी (मारवाड)में संप. तीस वर्षके टंटेका मुह काला.

प्रातः स्मरणीय मरहूम जैनाचार्य १०८ श्री मद्विजयानंद सूरि-आत्मारामजी महाराज के प्रशिष्य मुनि महाराज श्री वल्लभविजयजी सादडीमें शुरू किये गोलवाड जैन विद्याप्रचारक फंडकी पुष्टिका उपदेश देते हुए ग्रामानुग्राम विचरते हूए गाम खिवाणदीमें जेठ सुदि १ शुक्रवारको पधारे थे. आपने उपदेश द्वारा श्रावक समुदायको विद्याप्रेमी बनाये. दो रकमे भरी गई. बाद में कुछ कारणसें रकम भरनी अटक गई. सबब कुसंप के छोटे म्होटे पांचतड

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



केवल ओसवाल भाइयोंये पाए गए, खुशीकी बात है कि गुरुमहाराजकी जयंतीका मौका पाकर महाराजश्रीने संपकी तरफ खास सबका मन आकर्षित किया. सबको सचोट असर हुई, सबका दिल पिगल गया. सबने मिल दस्तखन कर दिये कि गुरूमहाराज जो कुछ आज्ञा फरमावें, हम सबको सादर मंजूर होगी.

गुरुमहाराजने भी दो दिन आहारपानीकी भी परवाह नकर बडे परिश्रमसे सबकी बात जुदा जुदा सुनकर जेठ सुदि नवमीकों शनीवारको पांच बजे बडा लंबा चौडा फैंसला लिखकर सुना दिया. मूल मुद्दा धजाके उपर साथिया करनेका था. और इसीकी बदौलत तीस सालसे गाममें टंटा चल रहा था. अदालतीकाई वाहभी हो चुकी थी. मगर निपटारा नहीं हुआ गामका कहना कि जो बोली बोले उसका साथिया होना चाहिये, चौवटिया–कारभारीका कहना कि हमेश हसे हमही करने आए हैं करेंगे. महाराजने इस कांटेको थोडेमें ही निकाल फैंक दिया. और तीस वर्षके टंटेका मुंह काला कर दिया, सब भाईयोंका मुख उज्ज्वल हो गया. सबके चहेरे परनूर वर्षने लगा. सबके मुखसें जय जय ध्वनी निकलने लगी.

## महाराजसाहेबके चुकादेका सार.

बोली वालेका साथिया, पहला होवे और चौवटियेका दूसरा होवे. बोली पांच रुपैयेसे कम न होनी चहिये.

अगर बोली पांचसे कम होगी या बिलकुल न होगी. उस वक्त चौवटिया ही साथिया करेगा. इस बातको सबने सहर्ष स्वीकारली और श्री महावीर स्वामीकी जय बुलाकर, सभा विसर्जन हुई.

महाराजश्रीने आजरोज शिवगंजकी तर्फ विहार किया है वहांसे फिरने हुए चौमासाके लगभग सादडीमें जा बिराजेंगे. अब यहभी उमीद है कि खडी रही टीप आगेको चलेगी. जेठ सुदि दशमी रविवार.

आपका झवेरचंद.
बीजापुर ( मारवाड )वाला.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## નીચેના ગ્રંથો છપાવવા માટે ( ભાષાંતર ) તૈયાર થાય છે.

**( પ્રસિદ્ધ કરવા માટે---જ્ઞાનોદ્ધારના કાર્યના ઉત્તેજન માટે સહાયની અપેક્ષા છે. )**

૧. **શ્રી દાનપ્રદીપ** ( મહોપાધ્યાય શ્રી ચારિત્રગણી કૃત ) દાનગુણનું સ્વરૂપ ( અનેક કથાઓ સહિત ) જણાવનાર.

૨. **શ્રી મહાવીરચરિત્ર** ( શ્રી નેમીચંદ્ર સૂરિકૃત ) આ ગ્રંથ ઘણો પ્રાચીન છે. બારમા સૈકામાં તે લખાયેલ છે. પાટણના ભંડારની તાડપત્રની પ્રત ઉપરથી અમોએ મૂલ છપાવેલ છે. અપૂર્વ ચરિત્ર છે.

૩. **શ્રી વિમલનાથ ચરિત્ર** ( શ્રી જ્ઞાનસાગરસૂરિ કૃત ) અપૂર્વ ચરિત્ર.

૪. **શ્રી ઉપદેશ સપ્તતિકા** ( શ્રી સોમધર્મગણિ વિરચિત )

૫. **શ્રી ધર્મપરિક્ષા** ( અપૂર્વ કથાનક ગ્રંથ )

૬. **સંબોધ સપ્તતિ**-શ્રી રત્નશેખરસૂરિ વિરચિત અનેક ધર્મની હકીકતો જણાવનારો ગ્રંથ.

ઉપરના ગ્રંથો રસિક, બોધદાયક અને ખાસ પઠનપાઠન કરવામાં ઉપયોગી છે; તેટલુંજ નહિ પરંતુ વાચકોને આનંદ સાથે ધર્મનું જ્ઞાન પ્રાપ્ત થાય તેવા છે. દરેક ગ્રંથોનું ગુજરાતી ભાષાંતર તૈયાર થાય છે. દ્રવ્ય સહાયની અપેક્ષા ( જરૂર ) છે. જ્ઞાનોદ્ધાર કરવાના ઉત્સાહી બંધુઓએ આવા જ્ઞાનોદ્ધારના કાર્યને સહાય આપી મળેલ લક્ષ્મીને સાર્થક કરવાનું છે, વર્તમાન સમયમાં ધર્મના આવા સારા સારા ગ્રંથો પ્રસિદ્ધ કરી, કરાવી ધર્મનો ફેલાવો તે વડે કરવાની આ અમૂલ્ય તક છે. વળી બહોળા પ્રમાણમાં તેના ખપી મુનિમહારાજાઓ, સાધ્વીમહારાજ અને જ્ઞાનભંડાર વિગેરેને ( વગર કિંમતે ) ભેટ અપાય છે. સહાય આપનારને તે લાભ સાથે તેનો જે નફો આવે તે તેવાજ જ્ઞાનખાતામાં ઉપયોગ થાય છે જેથી લાભ લેવા જેવું છે.

---

## શ્રી શત્રુંજય મહાતીર્થ સ્તવનાવલી.

પરમ પવિત્ર શ્રી શત્રુંજય તીર્થની યાત્રા અને ભક્તિ કરવાના એક સાધન નિમિત્તે અમોએ આ બુક પ્રસિદ્ધ કરી છે. જેમાં પ્રચલીત અને નવીન અનેક ચૈત્યવંદન, સ્તુતિ, નામ વર્ણન, સ્તવનો વગેરેનો સંગ્રહ કરવામાં આવેલો છે. સાથે નવાણુ પ્રકારી પૂજા બે શ્રીમદ્ વીરવિજયજી મહારાજ તથા મુનિરાજ શ્રી વલ્લભવિજયજી મહારાજ કૃત દાખલ કરવામાં આવેલ છે. પોકેટમાં રહી શકે માટે કદ લઘુ કરવામાં આવેલ છે, સાથે યાત્રાના પર્વ દિવસોનું વર્ણન પણ આપવામાં આવેલ છે. ઉંચા કાગળો ઉપર સુંદર ગુજરાતી ટાઇપમાં શુદ્ધ રીતે છપાવામાં આવેલ છે. ટાઇટલ ( પુંઠું ) પણ રંગ બે રંગી સુંદર બનાવવામાં આવેલ છે. પરમ પવિત્ર આ તીર્થની યાત્રા અને ભક્તિ કરનારા બંધુઓ માટે એક ઉત્તમ સાધન અને યોજના કરવામાં અવેલ છે. મુદ્દલથી પણ કિંમત ઓછી રાખવામાં આવેલ છે. કિમત ચાર આના પોસ્ટેજ જુદું અમારે ત્યાંથી મળી શકશે.

---

## આ સભામાં નવા દાખલ થયેલા માનવંતા સભાસદો.

૧ શેઠ સારાભાઇ વાડીલાલ ઝવેરી. રે૦ અમદાવાદ, હાલ મુંબઇ પે. વ. લાઇફ મેમ્બર.

૨ વોરા ચંદુલાલ સૂરજમલ રે૦ પાટણ, હાલ ભાવનગર પે. વ. વા. મેમ્બર.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પુસ્તક વાંચન.

" પુસ્તકો સન્મિત્રોની ગરજ સારે છે. પુસ્તકોની જેને મૈત્રી હોય છે તેને જંગલમાં પણ મંગળ થાય છે. પુસ્તકો સાચા મિત્રો છે. આપણા મિત્રો આપણને ખુશ કરવા તરફની વૃત્તિ વિશેષ રાખે છે, કડવું મનાવનારા અને સાચું ભાખનારા મિત્રો બહુજ જવલે જ મળે છે, પણ પુસ્તકોમાં જે લખાણું તેજ વંચાણું થાય છે. આપણે ખુશ થઇશું કે દિલ્ગીર, આપણે ધનાઢ્ય છીએ કે ધનહીન, આપણે સત્તાધીશ છીએ કે સત્તા-વિહીન, આપણે મોટા છીએ કે નાના તેની લેશ પણ પરવા વગર આ મિત્રો હમેશાં એકજ વાત આપણને કહી શકે છે.

પુસ્તકો અસંખ્ય હોવાથી પુસ્તકની પસંદગી દરેક માણુસને આવશ્યક રીતે કરવી પડે છે. નીચ ભાવનાઓનું પોષણુ કરી, અનિષ્ટ આનંદમાં નિમગ્ન કરાવી, વાચકની અધો-ગતિ કરનારાં પુસ્તકો તો હમેશાં વર્જ્યજ છે. તે ગમે તેટલાં રસિક હોય તો પણ ત્યાજ્ય છે. એમ ન સમજવું કે તેમાંનો રસ ઝીલી શકી તેમાંના રહસ્યનો આપણે બહિષ્કાર કરી શકીશું. સંગતિદોષ હમેશાં લાગવાનોજ. સ્પેન દેશની એક કહેવત છે કે " વરૂઓમાં રહો ને તમે ઘુરકતાં શીખશો. " અસાધુ પુસ્તકોને સેવો અને તમે અસાધુ બનશો.

સાધુ પુસ્તકો બે પ્રકારનાં વર્ણવી શકાય. ઉપયોગી પુસ્તકો અને આદર્શપૂર્ણ પુસ્તકો. ઉપયોગી પુસ્તકોનું વાંચન ઇષ્ટ છે, પણ તે ઉપયાગ પુરતુંજ. જેટલે અંશે ઉપ-યોગ તેટલે અંશે વાંચન. આદર્શપૂર્ણ પુસ્તકોનું વાંચન, પુનઃ વાંચન, પુનઃપુનરપિ વાંચન—મનન, પુનર્મનન, પુનઃપુનરપિ મનન મનુષ્યને પોતાની સંસ્કૃતિ માટે ઘણું આવશ્યક છે. અમૃત ગમે તેટલું લેવામાં આવે તો પણ તેથી સંતોષ થતો નથી અને જેમ જેમ વધારે લેવામાં આવે તેમ તેમ વધારે લાભ મળે છે, તેવીજ રીતે આદર્શપૂર્ણ પુસ્તકોના અહર્નિશ સેવન વિષે પણ છે. કહેવામાં આવે છે કે સંતોષમાં પરમ સુખ છે. હું કહું છું ઠીક છે, પણ એક વસ્તુમાં મનુષ્યે કદાપિ સંતુષ્ટ બનવું ન જોઇએ; એક અસંતોષ હમેશ ઇષ્ટ છે, એ અસંતોષ જ્ઞાનનો, પુસ્તક—પરિશીલનનો, ઉત્તમ લેખકો પ્રતિ આપણી ભક્તિનો અસં-તોષ છે. એ અસંતોષ સદા વધારવા લાયક છે, એવો અસંતોષ સેવો અને તમને સંતોષ પ્રાપ્ત થશે. એવો અસંતોષ સદા ચાલુ રાખવા માટે જે ભાગ્યશાળી પુરૂષે પોતાને જોઇતાં પુસ્તકો શોધી કાઢયાં છે તેણે હમેશ પોતાના સુખની સામગ્રી તૈયારજ રાખી છે. તેવો માણુસ આનંદીરહે છે; દિલ્ગીરી તેનાથી ડરે છે. તેવો માણુસ પોતાને તવંગર માને છે, નિર્ધનતા તેને દબાવી શકતી નથી. સદ્વિચારોનું ધન તેને વધારે પ્રિય છે, કારણકે તેને બળે તે પોતાનું માન, પોતાનું પોતાપણું સાચવી શકે છે, જે ધનીઓને પણ બહુ વિકટ છે."

" નિવૃત્તિવિનોદ " માંથી.

For Private And Personal Use Only